અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૧ ડિસેમ્બર ૨૦૨૩, ગુરુવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, માગસર સુદ નોમ | અંક : ૧૪૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**વડાપ્રધાન મોદી પન્નુના કેસ પર પહેલીવાર બોલ્યા**

**જો અમારા નાગરિકોમાંથી કોઈએ કંઈ સારું કે ખરાબ કર્યું હોય તો અમે તેની તપાસ કરવા તૈયાર છીએ, કાયદાના શાસન પ્રત્યે અમારી પ્રતિબદ્ધતા છે : વડાપ્રધાન**

## પન્નુ કેસમાં માહિતી મળશે તો ચોક્કસ તપાસ કરીશું : પીએમ મોદી

। નવી દિલ્હી, તા.૨૦ ।

ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ફાઈનાન્સિયલ ટાઈમ્સ સાથે એક ઈન્ટરવ્યુ આપ્યો. આ દરમિયાન પીએમ મોદીએ અમેરિકામાં એક ભારતીયની હત્યાના ષડયંત્રના આરોપો પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે, "જો અમને કોઈ માહિતી આપશે તો અમે ચોક્કસપણે તેની તપાસ કરીશું." વડાપ્રધાન મોદીએ કહ્યું કે, જો અમારા નાગરિકોમાંથી કોઈએ કંઈ સારું કે ખરાબ કર્યું હોય તો અમે તેની તપાસ કરવા તૈયાર છીએ. કાયદાના શાસન પ્રત્યે અમારી પ્રતિબદ્ધતા છે. એવું બહાર આવ્યું છે કે ગુરપતવંત સિંહ પન્નુન, જેમને ભારત સરકાર દ્વારા ૧ જુલાઈ, ૨૦૨૦ ના રોજ 'નિયુક્ત વ્યક્તિગત આતંકવાદી' જાહેર કરવામાં આવ્યો છે, તે પંજાબ સ્થિત ગેંગસ્ટરો અને યુવાનોને ખાલિસ્તાન માટે લડવા માટે સક્રિયપણે ઉશ્કેરે છે, જે સાર્વભૌમત્વ અને અખંડિતતાને પડકારે છે. ભારત. તરફથી ઉશ્કેરણી કરી રહ્યું છે. એનઆઈએની તપાસમાં પણ આ વાત સામે આવી છે. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ પણ ઉગ્રવાદી ગતિવિધિઓ પર ચિંતા વ્યક્ત કરી હતી અને



કહ્યું હતું કે, વિદેશમાં સ્થિત કેટલાક ઉગ્રવાદી જૂથોની ગતિવિધિઓથી ભારત અત્યંત ચિંતિત છે. તેમણે એમ પણ કહ્યું કે, આ સંબંધને મજબૂત કરવા માટે મજબૂત દ્વિપક્ષીય સમર્થન છે, જે પરિપક્વ અને સ્થિર ભાગીદારીનું સ્પષ્ટ સૂચક છે. સુરક્ષા અને આતંકવાદ વિરોધી સહયોગ અમારી ભાગીદારીનો મુખ્ય ઘટક રહ્યો છે, એમ તેમણે હ્નને જણાવ્યું હતું. પીએમ મોદીએ કહ્યું, મને નથી લાગતું કે કેટલીક ઘટનાઓને બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધો સાથે જોડવી યોગ્ય છે. મે મહિનામાં, પીએમ મોદીએ રાષ્ટ્રપતિ જો બિડેન અને ફર્સ્ટ લેડી જીલ બિડેનના આમંત્રણ પર રાજ્યની મુલાકાત માટે યુએસની મુલાકાત લીધી હતી. જે પછી, બિડેન સપ્ટેમ્બરમાં ભારતની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં આયોજિત ૪૨૦ સમિટમાં ભાગ લેવા માટે ભારત આવ્યા હતા. નોંધપાત્ર રીતે, યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટે એવો દાવો કર્યો હતો કે મેનહટનની ફેડરલ કોર્ટમાં દાખલ કરાયેલા આરોપમાં ઓળખાયેલ ભારતીય સરકારી કર્મચારીએ કથિત રીતે નિખિલને પન્નુનની હત્યા કરવા માટે હિટમેનને ભાડે રાખ્યો હતો. ગુપ્તા નામના એક ભારતીયની ભરતી કરવામાં આવી હતી,જે મેનહટનની ફેડરલ કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી.

**કેપિટલ હિંસા કેસમાં કોર્ટે અયોગ્ય જાહેર કર્યા**

## રાષ્ટ્રપતિની ચૂંટણી પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ નહી લડી શકે

। નવી દિલ્હી, તા.૨૦ ।

રાષ્ટ્રપતિની ચૂંટણી માટે પ્રચાર કરી રહેલા અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મોટો ઝટકો લાગ્યો છે. કોલોરાડો રાજ્યની મુખ્ય અદાલતે મંગળવારે કેપિટલ હિંસા કેસમાં ટ્રમ્પને યુએસ બંધારણ હેઠળ રાષ્ટ્રપતિ પદ માટે અયોગ્ય જાહેર કર્યા છે. કોર્ટે રિપબ્લિકન પાર્ટી તરફથી વ્હાઈટ હાઉસની રેસમા સામેલ રિપબ્લિકન પાર્ટીના મુખ્ય દાવેદાર ટ્રમ્પને રાષ્ટ્રપતિ પદ માટેના રાજ્યના પ્રાથમિક મતદાનમાંથી દૂર કર્યા છે. અમેરિકાના ઈતિહાસમાં આ પહેલીવાર બન્યું છે કે ૧૪મા સુધારાની કલમ ૩નો ઉપયોગ રાષ્ટ્રપતિ પદના



ઉમેદવારને ગેરલાયક ઠેરવવા માટે કરવામાં આવ્યો છે. કોલોરાડો હાઈકોર્ટે તેના ૪-૩ બહુમતી નિર્ણયમાં કહ્યું કે, મોટાભાગની કોર્ટ માને છે કે ટ્રમ્પ ૧૪મા સુધારાની કલમ ૩ હેઠળ રાષ્ટ્રપતિ પદ સંભાળવા માટે અયોગ્ય છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર ટ્રમ્પ વિરુદ્ધ ચુકાદો આપનાર કોર્ટના તમામ જજોની નિમણૂક ડેમોક્રેટિક પાર્ટીના ગવર્નરો દ્વારા કરવામાં આવી હતી. કોલોરાડો સ્ટેટની હાઈકોર્ટે ડિસ્ટ્રિક્ટ કોર્ટના જજના નિર્ણયને પલટીને આ આદેશ આપ્યો હતો. નીચલી અદાલતે કહ્યું હતું કે ટ્રમ્પે ૬ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ કેપિટલ (યુએસ સંસદ) પર હુમલા માટે ટોળાને હિંસા માટે ઉશ્કેર્યા હતા. પરંતુ ટ્રમ્પને રાષ્ટ્રપતિની ચૂંટણી લડવાથી રોકી શકાય નહીં કારણ કે તે સ્પષ્ટ નથી કે બંધારણની તે કલમ રાષ્ટ્રપતિ પદને આવરી લે છે કે કેમ. હાઈકોર્ટે તેના નિર્ણય પર ૪ જાન્યુઆરી સુધી અથવા યુએસ સુપ્રીમ કોર્ટ આ મામલે નિર્ણય ન કરે ત્યાં સુધી સ્ટે આપ્યો હતો.

## લોકસભામાંથી વધુ બે સાંસદોને સસ્પેન્ડ કરાયા

। નવી દિલ્હી, તા.૨૦ ।

સંસદની સુરક્ષામાં ચૂક મુદ્દે ચાલુ હંગામા વચ્ચે લોકસભામાંથી વધુ બે સાંસદોને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આજે સદનની અવમાનના મામલે સ્પીકરે બે વિપક્ષી સાંસદ સી થોમસ અને એએમ આરિફને સંસદ સત્રના બાકીના સમયગાળા માટે સસ્પેન્ડ કરી દીધા છે. અત્યાર સુધી લોકસભા અને રાજ્યસભાના કુલ ૧૪૩ સાંસદોની હકાલપટ્ટી કરવામાં આવી ચૂકી છે. વિપક્ષની માગણી છે કે, સંસદમાં થોડા દિવસ પહેલા ઘૂસણખોરી થઈ હતી.

**ગૃહમંત્રીએ લોકસભામાં ત્રણ બિલ રજૂ કર્યા**

## હવે રાજદ્રોહ નહીં, દેશ દ્રોહ, મોબ લિચિંગ બદલ ફાંસી : અમિત શાહ

। નવી દિલ્હી, તા.૨૦ ।

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે લોકસભામાં ભારતીય ન્યાય સંહિતા (દ્રિતિય) ૨૦૨૩, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (દ્રિતિય) ૨૦૨૩ અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ (દ્રિતિય) ૨૦૨૩ બિલ લોકસભામાં રજૂ કર્યું હતું જેમાં તેમણે કહ્યું હતું કે હવે રાજદ્રોહ નહીં પણ દેશદ્રોહ હશે, મૉબ લિંચિંગ બદલ ફાંસી અપાશે. તેમણે વધુમાં કહ્યું હતું કે આ ત્રણેય બિલો પર ઉંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે અને તેને બનાવતા પહેલા ૧૫૮ કાઉન્સેલિંગ સેશનમાં ભાગ લીધો હતો, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે પહેલા સીઆરપ



ીસીમાં ૪૮૪ કલમ હતી જેમાં હવે ૫૩૧ કલમો હશે, ૧૭૭ કલમોમાં બદલાવ કર્યો છે જ્યારે ૩૯ નવી પેટા કલમો અને ૪૪ નવી જોગવાઈ ઉમેરવામાં આવી છે. અમિત શાહે ગૃહમાં બિલ રજૂ કરતા સમયે કહ્યું હતું કે ભારત સરકાર પહેલીવાર આતંકવાદની વ્યાખ્યા કરવા જઈ રહી છે.




### પંચાયતોના સભ્યોને પણ BJPમાં જોડાશે

# જાન્યુઆરીમાં ભાજપનું ઓપરેશન લોટસ પાર્ટ-૨ શરૂ થશે

**વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીને રાજીનામું આપ્યા બાદ ચિરાગ પટેલે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે કોંગ્રેસમાં જૂથવાદ ચરમસીમાએ છે**



। અમદાવાદ, તા.૨૦ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ અગાઉ ગુજરાતમાં ભાજપે 'ઓપરેશન લોટસ' શરૂ કરી દીધું છે. ગઈકાલે કોંગ્રેસના ધારાસભ્ય ચિરાગ પટેલે ધારાસભ્ય પદેથી રાજીનામું આપી દીધું હતું. રાજીનામા બાદ ચિરાગ પટેલ ભાજપમાં જોડાય તેવી અટકળો શરૂ થઇ ગઇ છે. અગાઉ આપના ધારાસભ્ય ભૂપત ભાયાણી પણ રાજીનામું આપીને ભાજપમાં જોડાઇ ગયા છે. ભારતીય જનતા પાર્ટીના ગુજરાતના અધ્યક્ષ સી આર પાટીલે સંકલ્પ કર્યો હતો કે લોકસભાની આગામી ચૂંટણીમાં ગુજરાતની તમામ ૨૬ બેઠકો ૫ લાખ મતની લીડથી જીતવી છે. ટાર્ગેટ એવો છે કે, વિપક્ષના લોકોને ભાજપમાં જોડવા પડશે. કારણકે દરેક લોકસભા બેઠકમાં અંદાજિત ૮.૫ લાખથી ૯ લાખ જેટલા મત છે. તેમાં ૫ લાખની લીડ મેળવવી એટલે ત્રણ ભાગના મત ભાજપને મળે તો શક્ય છે. ૫ લાખની લીડનો સંકલ્પ પૂર્ણ કરવા ઓપરેશન લોટસ શરૂ કરવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઓપરેશન લોટસ બે તબક્કામાં પાર પડવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો પહેલો તબક્કો ગયા સપ્તાહથી શરૂ થયો છે. પહેલા તબક્કામાં વિપક્ષના સીટિંગ સ્ન્છને રાજીનામા આપવી ભાજપમાં જોડાવાનું આયોજન છે. ડિસેમ્બરના અંત સુધી કે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહ સુધી આ તબક્કો ચાલશે. ત્યારબાદ જાન્યુઆરીમાં ઓપરેશન લોટસનો બીજો તબક્કો શરૂ થશે. જેમાં વિપક્ષના તાલુકા - જિલ્લા પંચાયતના સભ્યો, પૂર્વ સભ્યો, પૂર્વ ધારાસભ્યો અને પૂર્વ સંસદ સભ્યોને ભાજપમાં ભેળવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જાન્યુઆરીમાં અંત સુધીમાં આ તબક્કો પણ પૂર્ણ કરવામાં આવશે. તાલુકા-જિલ્લા પંચાયતના વર્તમાન અને પૂર્વ સભ્યોને ભાજપમાં જોડવામાં આવશે. વર્તમાન ધારાસભ્યોની જેમ પૂર્વ ધારાસભ્યોની કમલમમાં વેલકમ પાર્ટી થશે. કોંગ્રેસના પૂર્વ સાંસદો પણ ઓપરેશન લોટસ અંતર્ગત ભાજપમાં જોડાશે. લોકસભાની ચૂંટણી પહેલા ભાજપે શરૂ કર્યું છે ઓપરેશન લોટસ. આ અંતર્ગત આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ભૂપત ભાયાણી બાદ હવે કોંગ્રેસમાં ભંગાણ કરવામાં ભાજપ સફળ રહી છે. આજે કોંગ્રેસમાં ભૂકંપ તો ત્યારે સર્જાયો જ્યારે ખંભાતના કોંગ્રેસના ધારાસભ્ય ચિરાગ પટેલે રાજીનામું ધરી દીધું હતું. આવનારા દિવસોમાં હજુ પણ વધુ ધારાસભ્યો રાજીનામા આપશે તેવી ચર્ચા ચાલી રહી છે. વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીને રાજીનામું આપ્યા બાદ ચિરાગ પટેલે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે કોંગ્રેસમાં જૂથવાદ ચરમસીમાએ છે. કોંગ્રેસને ઉઘરાણા અને વિરોધ સિવાઈ કઈ આવડતું નથી. ઘણા સાથી મિત્રો છે જે કોંગ્રેસમાં ગુંગણામણ અનુભવી રહ્યાં છે. કોંગ્રેસ પોતાનો જનાધાર ગુમાવી રહી છે. ૧૯૯૦ બાદ પ્રથમ વખત ખંભાતમાં કોંગ્રેસ જીત્યું ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨માં ખંભાત વિધાનસભા બેઠક પર કોંગ્રેસના ચિરાગ પટેલની ૩૭૧૧ મતોથી જીત થઈ હતી. ભાજપના મહેશ રાવલ, કોંગ્રેસના ચિરાગ પટેલ અને આપના અરુણ ગોહિલ વચ્ચે જંગ જામ્યો હતો. ભાજપાના ગઢ ગણાતા ખંભાતમાં વર્ષ ૧૯૯૦ બાદ પ્રથમ વખત કોંગ્રેસની જીત થઈ હતી.



ગુજરાત યુનિવર્સિટી રોડ પરનું દબાણ હટાવીને તેની જગ્યા પર ફેન્સીંગ વાડ કરી દેવાઈ છે. જેથી ફરી દબાણ થાય નહીં.

### મિનરલ વોટરની આડમાં નકલી ઘી બનતું હતું

# અમરેલીમાં સૌથી મોટા નકલી ઘીનાં રેકેટનો પર્દાફાશ થયો

**પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરતાં મોડી રાતથી વહેલી સવાર સુધી ઘીના મોટા જથ્થાની ગણતરી શરૂ હતી**

। અમરેલી, તા.૨૦ ।

રાજ્યમાં અખાદ્ય જથ્થો મળવાનો સિલસિલો યથાવત છે. અમરેલી જીલ્લાનાં સૌથી મોટા નકલી ઘીનાં રેકેટનો પર્દાફાશ થયો છે. લીલીયાનાં પીપળવા ગામના રહેણાક નજીક ડૂબલિકેટ ઘીની ફેક્ટરી ઉપર મોડી રાતે દરોડા પાડવામાં આવ્યા હતા. લીલીયા PSI સિદ્ધરાજ સિંહ ગોહિલ, DYSP સહિતની ટીમ ત્રાટકી હતી. અમૃત મિનરલ વોટર પાણીનાં પ્લાન્ટની આડમાં મોટી માત્રામાં ઘીનો જથ્થો મળી આવ્યો હતો. ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમએ સેમ્પલ લીધા છે. પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરતાં મોડી રાતથી વહેલી સવાર સુધી ઘીના મોટા જથ્થાની ગણતરી શરૂ હતી. ઘીનાં રેકટનાં આરોપી અને મુદામાલ મુદે




આજે અમરેલી SP પ્રેસફરન્સ કરી શકે છે. નકલી ઘીનાં પેકેટમાં રાજુલા શહેરનું એડર્સ ઘી રેકેટનું કનેક્શનમાં રાજુલા પહોંચી શકે છે. ભેળસેળવાળુ ઘી ખૂબ જ સસ્તામાં તૈયાર થાય છે. જેના કારણે તેને અન્ય કરતા ઓછા ભાવે વેચીને પણ નફો મેળવી શકાય છે. આવી સ્થિતિમાં, લોકો વિચાર્યા વિના સસ્તામાં ઘીનો અમૂલ્ય લાભ મેળવવા માટે તૈયાર થઈ જાય છે. પરંતુ ભેળસેળવાળું ઘી શરીરને કોઈ ફાયદો નથી પહોંચાડતું, ઊલટું નુકસાન કરી શકે છે. આવી સ્થિતિમાં, નકલી ઘી ઓળખવા માટે અમે તમારી સાથે ખૂબ જ સરળ ઉપાયો શેર કરી રહ્યા છીએ. ઘીમાં ભેળસેળ કરવા માટે વનસ્પતિ તેલ, ઓગાળેલા માખણ, ડાલ્ડા અને હાઈડ્રોજનયુક્ત તેલ જેવા સસ્તા અને નબળી ગુણવત્તાના તેલનો ઉપયોગ કરવામાં આવે છે. આ સિવાય તેમાં છૂંદેલા બટાકા અને શક્કરિયા પણ મિક્સ કરવામાં આવે છે. મીઠું મિનિટોમાં ઘીની શુદ્ધતા ઓળખી શકે છે. આ માટે એક વાસણમાં બે ચમચી ઘી મૂકો. આ વાસણમાં એક કે બે ટીપાં હાઈડ્રોક્લોરિક એસિડ ૧/૨ ચમચી મીઠું ભેળવીને મિશ્રણ તૈયાર કરો. હવે લગભગ ૨૦ મિનિટ સુધી ઘી છોડ્યા પછી તેનો રંગ ચેક કરો. જો ઘી લાલ કે અન્ય કોઈ રંગનું દેખાય તો તે ભેળસેળવાળું છે.

### કપાસના મણના માત્ર ૧૪૪૮ રૂપિયા મળ્યા

# ઉનાવા માર્કેટ યાર્ડમાં કપાસના ભાવે ખેડૂતોને નિરાશ કર્યા

। મહેસાણા, તા.૨૦ ।

ઉત્તર ગુજરાતમાં આવેલી ઉનાવા માર્કેટ યાર્ડમાં કપાસ,તમાકુ અને એરંડાની સૌથી વધારે આવક થતી હોય છે. તેવામાં ૧૯ ડિસેમ્બરે મહેસાણાના ઉનાવા માર્કેટ યાર્ડમાં કપાસની આવકમાં થોડી તેજી જોવા મળી છે. યાર્ડમાં કપાસની ૩૮૦૦ મણ આવક થઈ હતી. જેનો નીચો ભાવ ૧૨૦૫ અને ઊંચો ભાવ ૧,૪૪૮ પ્રતિ મણ નોંધાયો હતો. આજે કપાસના ભાવમાં ૧૦૦ રૂપિયાનો ઘટાડો જોવા મળ્યો છે. ઉત્તર ગુજરાતમાં કાર્યરત ઉનાવા માર્કેટ યાર્ડમાં કપાસ, તમાકુ અને એરંડાની મબલખ આવક થતી હોય છે. યાર્ડમાં કપાસની લગભગ ૩૮૦૦ મણની આવક



નોંધાઈ હતી. જેનો નીચો ભાવ ૧૨૦૫ તેમજ ઊંચો ભાવ ૧, ૪૪૮ પ્રતિ મણ નોંધાયો હતો. નવી આવકની સાથે કપાસના ભાવમાં ૧૦૦ રૂપિયાનો ઘટાડો જોવા મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે, હાલમાં પડેલા કમોસમી વરસાદના કારણે ખેડૂતોના કપાસ પાકમાં નુકસાની જોવા મળી હતી. છેલ્લા અઠવાડિયામાં કપાસની આવકમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે અને તેના ભાવમાં પણ ૭૦ થી ૧૦૦ રૂપિયા જેટલો ઘટાડો જોવા મળી રહ્યો છે. ઉત્તર ગુજરાતના લગભગ દરેક માર્કેટ યાર્ડમાં સૌથી વધારે આવક એરંડાની આવતી હોય છે. આજે ઉનાવા માર્કેટ યાર્ડમાં એરંડાની ૧૫૭ બોરીની આવક થઈ હતી.જેનો ખેડૂતોને ૧૧૬૧ રૂપિયાથી લઈને ૧,૧૭૨ રૂપિયા ભાવ મળ્યો હતો. છેલ્લા અઠવાડિયાથી ભાવમાં ૫૦ નો ઘટાડો જોવા મળ્યો છે. ઉનાવા માર્કેટ યાર્ડના ચેરમેન રાજેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, માર્કેટ ઉઘડતાની સાથે જ નવા કપાસની હરાજી શરૂ કરાઈ હતી.

### ભક્તો થયા અભિભૂત

# અયોધ્યાના રામ મંદિરની ચરણ પાદુકા સોમનાથ લવાઇ

। સોમનાથ, તા.૨૦ ।

અયોધ્યા ખાતે નિર્માણ પામી રહેલા ભવ્ય અને દિવ્ય રામમંદિરમાં ભગવાનને સોનાની ચરણ પાદુકા અર્પણ કરવામાં આવશે. આ ચરણ પાદુકા એક કિલો સોનુ અને ૭ કિલો ચાંદી માંથી તૈયાર થઈ છે.

આ ચરણ પાદુકા દેશ ભરના મહત્વના મંદિરોમાં લોકોના દર્શનાર્થે રાખવામાં આવી રહી છે. આગામી ૧૯ જાન્યુઆરીએ અયોધ્યા શ્રીરામ મંદિર ખાતે પ્રસ્થાપિત કરવામાં આવશે. ત્યારે તે પહેલાં આ પાદુકાજી પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ ખાતે આવી પહોંચી હતી. જેમનું સોમનાથ ટ્રસ્ટ દ્વારા ભવ્ય અભિવાદન કરવામાં આવ્યું હતું. અયોધ્યા ખાતે ભગવાન શ્રીરામનું ભવ્ય મંદિર નિર્માણ પામી રહ્યું છે. આગામી ૨૨-જાન્યુઆરીએ પ્રાણ પ્રતિષ્ઠા થશે. આ સમયે ભગવાન શ્રીરામની



સોના અને ચાંદી વડે બનેલી ચરણ પાદુકાજી મંગળવારે પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવ ખાતે લાવવામાં આવી હતી. સોમનાથ મંદિર ખાતે ભગવાન શ્રીરામની ચરણ પાદુકાનું પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું. તો સોમનાથ સ્થિત રામ મંદિર ખાતે પણ આ ચરણ પાદુકાની પૂજા વિધિ કરવામાં આવી હતી. આ ચરણ પાદુકાને હૈદરાબાદ સ્થિત ચલ્લા શ્રીનિવાસ શાસ્ત્રીએ બનાવેલી છે. શાસ્ત્રીજી દ્વારા આ ચરણ પાદુકાને હાથમાં લઈને શ્રીરામ જન્મભૂમિ પરિસરની ૪૧ વખત પરિક્રમા પણ કરી ચુક્યા છે. સોમનાથથી આ ચરણ પાદુકા બદ્રીનાથ ખાતે જશે.

### સુરત બૂર્સનું રેકોર્ડતોડ સર્ચિંગ

# બૂર્સને ૨૮ દિવસમાં ૬.૭૨ કરોડવાર ગૂગલ પર સર્ચ કરાયુ

**સુરત ડાયમન્ડ બૂર્સ બિલ્ડિંગ ગૂગલ પર પણ ટ્રેન્ડિંગમાં હતુ, અને પીએમ મોદીના હસ્તે ઉદઘાટન થયા બાદ વધુ ચર્ચામાં આવ્યુ હતુ**

। સુરત, તા.૨૦ ।

આ અઠવાડિયા સુરતમાં દુનિયાના સૌથી મોટા બિઝનેસ બિલ્ડિંગને પીએમ મોદી દ્વારા ખુલ્લુ મુકવામાં આવ્યુ છે. આ ડાયમન્ડ બિઝનેસ માટેના બિલ્ડિંગને સુરત ડાયમન્સ બૂર્સ તરીકે ઓળખી રહ્યાં છે. આની ખાસિયત એ છે કે આને દુનિયાની સૌથી મોટી બિઝનેસ બિલ્ડિંગ કહેવામાં આવી રહી છે. અહીં સુરત ડાયમંડ બૂર્સમાં રફ અને પૉલિશ્ડ બંને હીરાનો વેપાર થશે. આ અત્યાધુનિક બૂર્સમાં આવી ઘણી સુવિધાઓ હશે, જે હીરા અને ઝવેરાતના વ્યવસાયને સરળ બનાવવા અને પ્રોત્સાહન આપવામાં મદદરૂપ સાબિત થશે. પરંતુ આ હવે આ બધાની વચ્ચે વધુ એક મોટા સમાચાર સામે આવ્યા છે, સમાચાર ગૂગલ સર્ચને લઇને સામે આવ્યા છે. હાલમાં જ રિપોર્ટ મળી રહ્યાં છે કે સુરતના આ બૂર્સને ગૂગલ પર રેકોર્ડતોડ સર્ચિંગ મળ્યુ છે. છેલ્લા ૨૮ દિવસમાં દેશભરમાંથી આ બૂર્સને લઈને ૬.૭૨ વાર ગૂગલ સર્ચિંગ કરવામાં આવ્યુ છે, જે એક રેકોર્ડ છે.

સુરત ડાયમન્ડ બૂર્સ બિલ્ડિંગ ગૂગલ પર પણ ટ્રેન્ડિંગમાં હતુ, અને પીએમ મોદીના હસ્તે ઉદઘાટન થયા બાદ વધુ ચર્ચામાં આવ્યુ હતુ. સુરતના આ ડાયમન્ડ બૂર્સ બિલ્ડિંગને છેલ્લા ૨૮ દિવસમાં રેકોર્ડતોડ ગૂગલ સર્ચ મળ્યુ છે, છેલ્લા ૨૮ દિવસમાં ગૂગલ પર દેશભરમાંથી ૬.૭૨ કરોડ વાર સર્ચ કરાયુ છે. એટલું જ નહીં ૫ દિવસમાં આ ડાયમન્ડ બૂર્સની વેબસાઈટ પર ૨૪ હજાર લોકોએ મુલાકાત પણ લીધી છે. આને સમગ્ર ગુજરાત રાજ્યમાંથી ૯૩ લાખ અને સુરતમાંથી ૩૯ લાખ વખત ગૂગલ સર્ચ કરાયુ છે. વિશ્વનું સૌથી મોટું ઓફિસ બિલ્ડિંગ હોવાથી એક હાઈપ ક્રિએટ થઈ હતી.

## વિશેષ

### વડાપ્રધાનશ્રીના સક્ષમ નેતૃત્વમાં ભારતમાં આવેલા બદલાવ-વિકાસની ગતિ તરફ દુનિયા આખીની નજર છે

# ACB અધિકારીઓની પ્રથમ ચિંતન શિબિરનો ગાંધીનગરમાં પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભ્રષ્ટાચાર સામે મક્કમતાથી જન આંદોલન ઉપાડ્યું છે. તેમણે કહ્યું કે, હવે દુનિયા આખીની નજર આજે ભારતમાં આવેલા બદલાવ અને વિકાસની ગતિ તરફ છે તેના મૂળમાં પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવું સક્ષમ નેતૃત્વ અને સ્ટ્રોન્ગ પોલિટીકલ વિલ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્ય સરકારના લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો છઝમ્ના અધિકારી-કર્મચારીઓની પ્રથમ ચિંતન શિબિરનો પ્રારંભ કરાવતા સંબોધન કરી રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ચિંતન શિબિરમાં સૌને પ્રેરણા આપતા મનનીય વક્તવ્ય દ્વારા પોતાની આધ્યાત્મિકતા અને વાકછટાનો આગવો પરિચય કરાવ્યો હતો. તેમણે કહ્યું કે, જે આપણા હકનું નથી તે કોઈ પાસેથી યેનકેન પ્રકારે મેળવવું કે પડાવી લેવું તે ધાર્મિક, આધ્યાત્મિક અને કાયદાકીય બધી જ રીતે ગુનો છે. આવા લોકોને ખુલ્લા પાડીને કે નશ્યત કરીને સમાજમાં દાખલો બેસાડવાની ભૂમિકા ACB કરે છે તેનો તેમણે વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, ખોટું કરનારાઓને સજાની શરૂઆત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં થઈ છે અને ઝિરો ટોલરન્સનો તેમનો ધ્યેય પણ સાકાર થઈ રહ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, સુખની વ્યાખ્યા માત્ર ભૌતિક સુખ સગવડની જ નથી, આંતરિક સુખ જ સાચું સુખ છે. આજના સમયમાં ભૌતિક સુખની પાછળ મનુષ્ય રચ્યો-પચ્યો રહે છે. સુખની આવી અપેક્ષા પૂરી કરવા તેને આવકના અન્ય ઉપાયો, આવક મેળવવાના ખોટા રસ્તા કે હથકંડા અપનાવવા ની નોબત આવે છે. આવી આવકના સુખમાં તો પરિવારના સૌ ભાગીદાર બને, પરંતુ જ્યારે





ગુનાની સજા થાય ત્યારે જે તે વ્યક્તિએ એકલા એજ ભોગવવી પડે છે. આ સંદર્ભમાં તેમણે વાલિયા માંથી વાલ્મીકી ઋષીનું ઉદાહરણ આપ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ACBના અધિકારીઓને પ્રોત્સાહિત કરતા ઉમેર્યું કે, ખોટું કરનારાને સજા તો થાય છે જ ત્યારે આપણે પણ સરકારના નિયમો પાળીએ અને અન્ય પાસે પણ પળાવીએ તે જરૂરી છે.

ACB અધિકારીઓને ભ્રષ્ટાચાર-કરપ્શન સામેના જંગમાં ઢિલાશ ન પડવાની પ્રેરણા આપતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, સરકાર પણ સાચા કામમાં તમારી પડખે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ભારત@2047નો વડાપ્રધાનશ્રીનો સંકલ્પ પાર પાડવામાં વિકસિત ગુજરાત થકી ભ્રષ્ટાચાર વિરુદ્ધની લડાઈમાં છઝમ્ કર્મીઓને પોતાનું અગ્રિમ યોગદાન આપવા પણ આહવાન કર્યું હતું. રાજ્યની સ્કૂલના બાળકો પણ ભ્રષ્ટાચાર વિરોધી અભિયાનમાં જોડાય તે હેતુથી લાંચ રૂશ્વત બ્યુરો દ્વારા 'ભ્રષ્ટાચારની પોલ ખોલો' વિષય પર એક નિબંધ સ્પર્ધાનું આયોજન સતર્કતા સપ્તાહ અંતર્ગત કરવામાં આવ્યું હતું. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના પ્રથમ ત્રણ નિબંધ લેખન વિજેતા વિદ્યાર્થીઓનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે આ શિબિરમાં સન્માન કરવામાં આવ્યું હતું. મુખ્ય સચિવ શ્રી રાજકુમારે કહ્યું હતું કે, સમાજમાં ભ્રષ્ટાચારનું દુષણ અટકાવવા માટે આ ચિંતન શિબિર ખૂબ જ મહત્વની સાબિત થશે એટલું જ નહીં આ શિબિર આજના સમયની માંગ છે.

ભ્રષ્ટાચાર એ સમાજમાં રહેલી ઉધઈ છે જે સમાજ અને દેશને અંદરથી ખોખલો બનાવે છે, વિકાસને અવરોધે છે. ભ્રષ્ટાચારના દૂષણને ડામવા માટે તંત્રમાં વધુને વધુ પારદર્શકતા લાવી પડશે. RTI જેવા મજબૂત કાયદાનો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ. કોઈ નાગરિક નથી ઈચ્છતો કે તે લાંચ આપે તો આપણે તેના આ સંકલ્પને સહયોગ કરવો જોઈએ.

તેમણે કહ્યું હતું કે, ભ્રષ્ટાચારના દૂષણને અટકાવવા બંધારણમાં અનેકવિધ કાયદા અમલી છે તેનો મહત્તમ ઉપયોગ કરવો જરૂરી છે.

લાંચ લેવાની જે મોડસ ઓપરેન્ડી જે તે લોકો દ્વારા અપનાવવામાં આવે છે તેનો પણ એક મેન્યુઅલ બહાર પાડવો જોઈએ જેથી સામાન્ય નાગરિકોમાં તેનાથી જાગૃતિ આવે અને ભ્રષ્ટાચાર અટકાવવામાં મદદરૂપ થઈ શકાય તેમ જણાવી મુખ્ય સચિવશ્રીએ આ પ્રકારની પ્રથમ ચિંતન શિબિરની પહેલ બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

લાંચ રૂશ્વત બ્યુરોના વડા શ્રી શમશેરસિંગે રાજ્યમાં આ પ્રથમ ચિંતન શિબિરની રૂપરેખા આપતા કહ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા લાંચ રૂશ્વત અટકાવવા માટે ૧૦૬૪ ટોલ ફ્રી નંબર શરૂ કરવામાં આવ્યો છે જેનો નાગરિકો મહત્તમ ઉપયોગ કરીને ભ્રષ્ટાચાર વિરોધી ચળવળને સહયોગ કરી રહ્યા છે.

એસીબી દ્વારા ભ્રષ્ટાચારની આ લડતને વધુ અસરકારક-ઝડપી બનવા આ ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પૂર્વ લોકપાલ આઈ. પી. ગૌતમ, CBI- ACBના નિવૃત્ત અધિકારીઓ, પૂજ્ય જ્ઞાન વત્સલ સ્વામી સહિતના તજજ્ઞોએ સહભાગી થઈને પોતાના વિચારો- અનુભવો શેર કર્યા હતા. લાંચ રૂશ્વત બ્યુરોના સંયુક્ત નિયામક શ્રી મકરંદ ચૌહાણે આભારવિધિ કરી હતી. 'ભ્રષ્ટાચારનો વિરોધ કરીએ રાષ્ટ્ર પ્રત્યે સમર્પિત રહીએ'ના ધ્યેય મંત્ર સાથે યોજાયેલી આ ચિંતન શિબિરમાં ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મુકેશ પુરી, રાજ્ય પોલીસવડા શ્રી વિકાસ સહાય, તકેદારી આયોગ કમિશનર શ્રી સંગીતા સિંઘ સહિત રાજ્યભરના એન્ટી કરપ્શન બ્યુરો - છઝમ્ના ઉચ્ચ અધિકારીઓ- અધિકારીઓ, વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા.



મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની એકમાત્ર ટેસ્ટ ક્રિકેટ મેચ પહેલા પ્રેક્ટિસ સેશન દરમિયાન ભારતની જેમિમાહ રોડ્રિગ્સ બેટિંગની પ્રેક્ટિસ કરી રહી છે.

### ખેલ પુરસ્કાર માટે ખેલાડીઓના નામની જાહેરાત

# અર્જુન એવોર્ડ માટે શમી સહિત ૨૬ની પસંદગી

| નવી દિલ્હી, તા.૨૦ |

આ વર્ષે આપવામાં આવનાર ખેલ પુરસ્કાર માટે ખેલાડીઓના નામની જાહેરાત કરવામાં આવી છે. જેમાં સૌથી મોટો સન્માન ખેલ રત્ન એવોર્ડ બેડમિન્ટન સ્ટાર જોડી ચિરાગ શેટ્ટી અને સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડીને આપવામાં આવશે. જ્યારે અર્જુન એવોર્ડ માટે સ્ટાર ક્રિકેટર મોહમ્મદ શમીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ખેલ મંત્રાલયના જણાવ્યા અનુસાર આ વખતે મોહમ્મદ શમી સહિત ૨૬ ખેલાડીઓને અર્જુન એવોર્ડ આપવામાં આવશે. જ્યારે ચિરાગ શેટ્ટી અને સાત્વિકસાઈરાજ રેક્કીરેડ્ડીને મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ ૨૦૨૩થી સન્માનિત કરવામાં આવશે. આ તમામ પુરસ્કારો આ ખેલાડીઓને



તેમની રમતમાં શ્રેષ્ઠ પ્રદર્શન માટે આપવામાં આવશે. ખેલ મંત્રાલયે કહ્યું છે કે સમિતિઓની ભલામણોના આધારે અને યોગ્ય તપાસ બાદ સરકારે આ તમામ ખેલાડીઓ, કોચ અને સંસ્થાઓને એવોર્ડ માટે પસંદ કર્યા છે. મંત્રાલયે તમામ પુરસ્કારો મેળવનાર ખેલાડીઓ, કોચ અને સંસ્થાઓની યાદી પણ જાહેર કરી છે. આ તમામ રાષ્ટ્રીય ખેલ પુરસ્કાર ૯ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત એક મોટા કાર્યક્રમ દરમિયાન આપવામાં આવશે.

### બાંગ્લાદેશ-ન્યૂઝીલેન્ડ બીજી વન-ડે

# ન્યૂઝીલેન્ડનો બાંગ્લાદેશ સામે બીજી વન-ડેમાં સાત વિકેટે વિજય

## બાંગ્લાદેશે ૪૯.૫ ઓવરમાં ૨૯૧ રન બનાવ્યા જેના જવાબમાં ન્યૂઝીલેન્ડે ૪૬.૨ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને લક્ષ્યાંક હાંસલ કરી લીધો

| નેલ્સન, તા.૨૦ |

બુધવારે નેલ્સનમાં રમાયેલી બીજી વનડેમાં ન્યુઝીલેન્ડે બાંગ્લાદેશને ૨૨ બોલ બાકી રહેતા સાત વિકેટે હરાવ્યું હતું. બાંગ્લાદેશે પ્રથમ બેટિંગ કરતા ૪૯.૫ ઓવરમાં ૨૯૧ રન બનાવીને સમગ્ર ટીમ ઓલઆઉટ થઈ ગઈ હતી. જવાબમાં ન્યૂઝીલેન્ડે ૪૬.૨ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. આ જીત સાથે ન્યુઝીલેન્ડે ત્રણ મેચની શ્રેણીમાં ૨-૦ની અજેય સરસાઈ મેળવી લીધી છે. યાદ રહે કે ન્યુઝીલેન્ડે ડીએલએસ નિયમના આધારે પ્રથમ વનડે ૪૪ રને જીતી હતી. હવે બંને ટીમો વચ્ચે ત્રીજી અને અંતિમ વનડે શનિવારે નેપિયરમાં રમાશે. ૨૯૨ રનના લક્ષ્યાંડકનો પીછો કરવા ઉતરેલી ન્યુઝીલેન્ડને વિલ યંગ (૮૯) અને રચિન રવિન્દ્ર (૪૫) દ્વારા ૭૬ રનની ભાગીદારીથી મજબૂત શરૂઆત મળી હતી. હસન મહમૂદે રવિન્દ્રને રિશાદ હુસૈનના હાથે કેચ આઉટ કરાવી આ ભાગીદારી તોડી હતી.



રવિન્દ્રએ ૩૩ બોલમાં સાત ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૪૫ રન બનાવ્યા હતા. ત્યારબાદ યંગ અને હેનરી નિકોલ્સ વચ્ચે બીજી વિકેટ માટે ૧૨૮ રનની ભાગીદારી થઈ હતી. જ્યારે ન્યૂઝીલેન્ડનો સ્કોર ૨૦૦ રનને પાર કરી ગયો ત્યારે યંગે તેના બોલ પર મહેમૂદનો કેચ પકડ્યો હતો. યંગ તેની સદી પૂરી કરવાથી માત્ર ૧૧ રન દૂર રહ્યો હતો. તેણે ૯૪ બોલમાં ૮ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૮૯ રન બનાવ્યા હતા. અહીંથી, નિકોલ્સ અને કેપ્ટન ટોમ લાથમ (૩૪) એ ઈનિંગ્સને આગળ ધપાવી અને ત્રીજી વિકેટ માટે ૫૬ રન જોડ્યા. હેનરી નિકોલ્સ પણ પોતાની સદી પૂરી કરવામાં ચૂકી ગયો હતો. તે શરીફુલ ઈસ્લામના બોલ પર રિશાદ હુસૈન દ્વારા કેચ આઉટ થયો હતો. નિકોલ્સે ૯૯ બોલમાં ૮ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૯૫ રન બનાવ્યા હતા. ત્યારબાદ લાથમ અને ટોમ બ્લંડેલ (૨૪) વિજય મેળવીને પેવેલિયન પરત ફર્યા હતા. બાંગ્લાદેશ તરફથી હસન મહમૂદે બે અને શરીફુલ ઈસ્લામને એક વિકેટ મળી હતી. બાંગ્લાદેશ, જેણે ન્યુઝીલેન્ડનું પ્રથમ બેટિંગ કરવાનું આમંત્રણ સ્વીકાર્યું હતું.

### સેન્ટ જ્યોર્જ પર ભારત ૭માંથી માત્ર એક વન-ડે મેચ જીત્યું છે



| સેન્ટ જ્યોર્જ, તા.૨૦ |

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે સિરીઝની બીજી વનડે મેચ સેંટ જ્યોર્જ પાર્કમાં રમાઈ હતી. આ મેચમાં સાઉથ આફ્રિકાની ટીમે ભારતને ૮ વિકેટથી હરાવી સિરીઝમાં ૧-૧ની સરસાઈ મેળવી લીધી છે. ભારતથી મળેલા ૨૧૨ રનના ટાર્ગેટનો પીછો કરતા સાઉથ આફ્રિકા તરફહતી ટોની ડી જ્યોર્જીએ ૧૧૯ રનની શાનદાર ઈનિંગ રમી હતી. આ દરમિયાન તેણે ૯ ચોગ્ગા અને ૬ છગ્ગા પણ ફટકાર્યા હતા. પ્રથમ બેટિંગ કરતા ભારતીય ટીમ ૪૬.૨ ઓવરમાં ૨૧૧ રનના સ્કોર પર ઓલઆઉટ થઈ ગઈ હતી. સાઉથ આફ્રિકાએ આ મેચમાં જીત સાથે ઘણાં રેકોર્ડ પણ બનાવ્યા હતા. ભારત સેન્ટ જ્યોર્જ પાર્ક ખાતે ૭માંથી ૬ વનડે મેચ હાર્યું હતું. આ મેદાન પર ભારતીય ટીમની અત્યાર સુધી એકમાત્ર વનડે જીત વર્ષ ૨૦૧૮માં સાઉથ આફ્રિકા સામે હતી. સેન્ટ જ્યોર્જ પાર્કમાં રન ચેઝ કરતી વખતે સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર, ૧૨૧- જેક્સ કાલિસ વિ.વેસ્ટ ઈન્ડિઝ, ૨૦૦૮.

### આરબીઆઈ દ્વારા જાહેર કરાયેલી એક એડવાઈઝરી

# એઆઈએફ દ્વારા જૂની લોન પૂરી કરવા નવી લોનની વ્યવસ્થા પર અંકુશનો નિર્ણય

## બેંકો, નોન-બેંકિગ નાણાકીય કંપનીઓ અને સંસ્થાઓ સાથે હાઉસિંગ ફાઇ. કંપનીઓને ભવિષ્યમાં આવું ન કરવા કહેવાયું

| નવી દિલ્હી, તા.૨૦ |

ભારતીય રિઝર્વ બેંકએ વૈકલ્પિક રોકાણ ફંડ (એઆઈએફ) દ્વારા જૂની લોન પૂરી કરવા માટે નવી લોન લેવાની વ્યવસ્થા પર અંકુશ લગાવવા માટે એક મોટો નિર્ણય લીધો છે જેમાં આરબીઆઈ દ્વારા બેંકો, નોન-બેંકિગ નાણાકીય કંપનીઓ અને નાણાકી સસ્થાઓ સાથે હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓને ભવિષ્યમાં આવું ન કરવા કહેવાયું છે.

આરબીઆઈદ્વારા જાહેર કરાયેલી એક એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે બેંક અને નોન-બેંકિગ નાણાકીય કંપનીઓ (એનબીએફસી) તેવા વૈકલ્પિક રોકાણ ફંડની કોઈપણ યોજનામાં રોકાણ કરી શકશે નહીં, જેણે છેલ્લા ૧૨ મહિનામાં નાણાકીય સંસ્થા પાસેથી લોન લીધી હોય તેવા ધિરાણકર્તાની કંપનીમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રોકાણ કર્યું હોય. વેન્ચર કેપિટલ ફંડ એન્જલ ફંડ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ, પ્રાઈવેટ ઈક્વિટી ફંડ અને હેજ ફંડ સહિત કેટલીક



અન્ય સંસ્થાઓ વૈકલ્પિક રોકાણ ફંડની શ્રેણીમાં આવે છેં રિઝર્વ બેંકે એક પરિપત્ર જાહેર કરીને જણાવ્યું હતું કે એઆઈએફસાથે સંકળાયેલા કેટલાક ઈઈ વ્યવહારો જે નિયમનકારી ચિંતાઓ સાથે જોડાયેલા છે તે અમારા ધ્યાન પર આવ્યા છે. રિઝર્વ બેંકે કહ્યું છે કે એઆઈએફ દ્વારા જૂની લોન ચૂકવવા માટે નવી લોન આપવાની વ્યવસ્થાને રોકવા માટે આ નવા પગલા લેવામાં આવ્યા છે. બેંકો અને એનબીએફસીતેમની નિયમિત રોકાણની પ્રવૃતિઓ હેઠળ એઆઈએફના એકમોમાં રોકાણ કરે છે. માર્કેટ રેગ્યુલેટર સેબીએ એઆઈએફદ્વારા રોકાણ કરવા અંગેની માહિતી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા સાથે શેર કરી હતી. આરબીઆઈએ કહ્યું કે બેંક અને એનબીએફસીએઆઈએફની કોઈપણ યોજનામાં રોકાણ કરી શકે નહીં, જેણે નાણાકીય સંસ્થા પાસેથી લોન લેનાર ધિરાણકર્તાની કંપનીમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રોકાણ કર્યું હોય. આ ઉપરાંત આરબીઆઈએ નાણાકીય સંસ્થાઓને કહ્યું છે કે ૩૦ દિવસમાં જ આવા રોકારણને બંધ કરવાની જરુર પડશે. જો બેંક અને એનબીએફસીનિર્ધારિત સમય પર રોકાણ બંધ કરી શક્તા નથી, તો એવા રોકાણ માટે ૧૦૦ ટકા જોગવાઈ કરવી પડશે.

### ભારતીય નૌસેનાની તાકાતમાં વધારો થશે

# ભારતીય નૌસેનાનું સિક્રેટ અન્ડરગ્રાઉન્ડ સબમરીન બંકર આઈએનએસ વર્ષા



| નવી દિલ્હી, તા.૨૦ |

ભારતીય નૌસેના દ્વારા એક બેઝ (બંકર) તૈયાર કરવામાં આવી રહ્યો છે. જેનું આએનએસવર્ષા નામ આપ વામાં આવ્યું છે. ત્યા ભારતની પરમાણુ સબમરીન રાખવામાં આવશે. ખાસ વાત એ છે કે, બેઝ પર પરમાણુ સબમરીનને કોઈ જોઈ શકશે નહીં, કારણે કે, અન્ડરગ્રાઉન્ડ બેઝ તૈયાર કરવામાં આવ્યો છે. વિશાખાપટ્નમ બદર પર નૌસેના અને શિપિંગ મંત્રાયલના જહાજોનું અવર જવર રહે છે. વિઝાગમાં બધા જ જહાજો પાર્ક કરવા માટે જગ્યા હવે બચી નથી. વર્ષ ૨૦૦૬માં અહી ૧૫ યુદ્ધ જહાજો તૈનાત કરવામાં આવતા હતા. પરંતુ હવે તે વધીને ૪૬ થઈ ગયા છે. જોકે, આઈએનએસવર્ષા નૌસેનાના બેઝમાં ૮થી ૧૨ સબમરીન પાર્ક કરી શકાશે. આઈએનએસ વર્ષાને પ્રોજેક્ટ વર્ષ હેઠળ તૈયાર કરવામાં આવી રહ્યો છે. તે નેવલ અલ્ટરનેટિવ ઓપરેશન બેઝ (એનએઓબી) હશે. માહિતી અનુસાર આ પ્રોજેક્ટ આવતા વર્ષે પૂર્ણ થઈ જશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૮માં આ બેઝ બનાવવાની મંજૂરી આપી હતી. ત્યારથી જ તેની કામગીરી ઝડપથી આગળ વધી રહી છે. જેથી નૌસેનાની તાકાતમાં થશે વધારો. રામબિલી નૌસેનાના આ બેઝ આંધ્ર પદેશના અનાકાપલ્લે જિલ્લામાં આવેલું છે. તેનું લોકેશન એવું છે કે, ભારતીય નૌસેનાના પૂર્વ અને પશ્ચિમ બને કિનારાની સુરક્ષા સરળતાથી કરી શકે છે.

ઓપન સોર્સ સેટેલાઈટ તસવીર દર્શાવે છે કે, પહેલા તબક્કામાં જ ડઝનબંધ ટનલ બનાવવામાં આવી છે. એટલે કે, આ બેઝ અંન્ડરગ્રાઉન્ડ હશે. જે જમીન પર દેખાશે નહીં. નૌસેનાના આ અન્ડરગ્રાઉન્ડ બેઝની અંદર ૮થી ૧૨ પરમાણુ સંચાલિત બેલેસ્ટિક સબમરીન અને અસોલ્ટ સબમરીન રાખવામાં આવશે. આ બેઝ ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર (બીએઆરસી)ની સુવિધા નજીક છે. જેના કારણે આ સુવિધા પણ વધુ સુરક્ષિત રહેશે. એનએઓબીપાસે પાણીની અંદર ટનલ હશે, જેની અંદર સબમરીન રાખવામાં આવશે.

# સેન્સેક્સમાં ૯૩૦, નિફ્ટીમાં ૩૦૩ પોઈન્ટનો કડાકો

| મુંબઈ, તા.૨૦ |

બુધવારે શેરબજારમાં જોરદાર ઘટાડો નોંધાયો છે અને બીએસઈસેન્સેક્સ લગભગ ૯૩૦ પોઈન્ટ ઘટીને ૭૦૫૦૬ ના સ્તર પર બંધ થયો છે જ્યારે નિફ્ટી ૩૦૩ પોઈન્ટ ઘટીને ૨૧૧૫૦ પોઈન્ટના સ્તર પર બંધ થયો છે. બુધવારે શેરબજારમાં ટ્રેડિંગ દરમિયાન ગૌતમ અદાણી ગ્રુપની તમામ ૯ લિસ્ટેડ કંપનીઓના શેર નબળાઈ પર બંધ થયા હતા.

ગૌતમ અદાણી ગ્રૂપના અદાણી વિલ્મરમાં ૫ ટકાની નબળાઈ નોંધાઈ હતી, જ્યારે અદાણી ટોટલ ગેસના શેર ૬.૬૬ ટકાની નબળાઈએ બંધ થયા હતા. મલ્ટિબેગર રિટર્ન આપતા શેરોની વાત કરીએ તો પટેલ એન્જિનિયરિંગના શેરમાં લગભગ આઠ ટકાની નબળાઈ નોંધાઈ હતી. એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ ૬ ટકાની નબળાઈ સાથે બંધ. કામધેનુ લિમિટેડ, ટાટા મોટર્સ,



જિયો ફાઈનાન્શિયલ, ઓમ ઈન્ફ્રા, સ્ટોવ ક્રાફ્ટ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, દેવયાની ઈન્ટરનેશનલ, બ્રાન્ડ કોન્સેપ્ટ અને યુનિપાર્ટ્સ ઈન્ડિયા સહિતના તમામ શેરોમાં ભારે ઘટાડો નોંધાયો છે. શેરબજારના ટોપ ગેનર્સમાં ઓએનજીસી, ટાટા કન્ઝ્યુમર, બ્રિટાનિયા અને સિપ્લાના શેરનો સમાવેશ થાય છે, જ્યારે ટોપ લોઝર્સમાં અદાણી પોર્ટ્સ, અદાણી એન્ટરપ્રાઈઝ, ટાટા સ્ટીલ અને યુપીએલના શેરનો સમાવેશ થાય છે. બુધવારે શેરબજારના અસ્થિર કારોબારમાં દિવસના ઉચ્ચ સ્તરેથી સેન્સેક્સમાં હજાર પોઈન્ટની નબળાઈ નોંધાઈ હતી. ૭૨૦૦૦ ના સ્તરે પહોંચ્યા પછી, બીએસઈસેન્સેક્સમાં ૧૦૦૦ પોઈન્ટનો ઘટાડો થયો હતો જ્યારે નિફ્ટીએ ૩૦૦ પોઈન્ટની નબળાઈ નોંધાવી હતી.

શેરબજારના નિષ્ણાતોનું કહેવું છે કે ઊંચા સ્તરે પ્રોફિટ બુકિંગના કારણે શેરબજાર નબળું પડી ગયું છે. બુધવારે નિફ્ટી મિડકેપ અને નિફ્ટી સ્મોલ કેપ સૂચકાંકોમાં લગભગ બે ટકાની નબળાઈ નોંધાઈ હતી. એફએમસીજી એકમાત્ર સેક્ટોરલ ઈન્ડેક્સ હતો જે લીલામાં કામ કરી રહ્યું હતું. બેંક અને આઈટી ઈન્ડેક્સમાં પણ નબળાઈ નોંધાઈ છે.

### હમાસને ફંડ પહોંચાડનારા સુભી ફરવાનાને ઠાર કરાયો



| જેરૂસલેમ, તા.૨૦ |

ઈઝરાયેલ-હમાસ વચ્ચે છેલ્લા ૭૨ દિવસથી ચાલી રહેલા યુદ્ધમાં અત્યાર સુધીમાં ૨૦ હજારથી વધુ લોકોના મોત થયા છે જ્યારે ૫૦ હજારથી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ભીષણ યુદ્ધમાં અનેક પરિવારો ઘર છોડવા મજબૂર બન્યા છે ત્યારે ઈઝરાયેલ દાવો કર્યો છે કે તેમણે હમાસને ફંડ પહોંચાડનાર સુભી ફરવાનાને ઠાર કર્યો છે. ઈઝરાયેલ-હમાસ વચ્ચે ગાઝા પટ્ટીમાં ચાલી રહેલા યુદ્ધવિરામની માંગ વધી રહી છે અને આ માંગને લઈને ફ્રાન્સ અને જોર્ડનમાં દેખાવો કરવામાં આવ્યા હતા, જો કે હમાસ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યુ છે કે જ્યા સુધી યુદ્ધવિરામ નહીં થાય ત્યા સુધી અમે બંધકોની છોડશું નહીં. બીજી તરફ ઈઝરાયેલ પીછેહટ માટે તૈયાર નથી. ઉલ્લેખનીય છે કે ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુએ પહેલા જ એલાન કર્યું હતું કે જ્યાં સુધી હમાસનો સફાયો નહીં થાય ત્યા સુધી તેમની સેના પાછી નહીં આવે.

# અમૃતસરમાં એન્કાઉન્ટરમાં ગેંગસ્ટર ઠાર, એક અધિકારી ઘાયલ થયો

## ગેંગસ્ટરની ઓળખ અમૃતપાલ સિંહ ઉર્ફે આમરી તરીકે થઈ છે, આરોપી હત્યા અને હત્યાના પ્રયાસના ચાર ગુનામાં સંડોવાયેલો હતો

| અમૃતસર, તા.૨૦ |

પંજાબના અમૃતસરમાં પોલીસ અને બદમાશો વચ્ચે એક્રાઉન્ટર થયું છે. આ એક્રાઉન્ટર જંડિયાલા ગુરુમાં થયું હતું. પોલીસ બલેરો કારમાં મુસાફરી કરી રહેલા બદમાશોનો પીછો કરી રહી હતી. શહેરમાંથી પસાર થતી વખતે બદમાશો શેખફાટા કેનાલ પાસે પહોંચ્યા કે તરત જ પોલીસ અને બદમાશો વચ્ચે ક્રોસ ફાયરિંગ થયું. અત્યાર સુધી પોલીસ કામગીરીમાં છે અને ટૂંક સમયમાં તેમાં કોણ કોણ સંડોવાયેલ છે તેની વિગતો અપડેટ થશે. તમને જણાવી દઈએ કે પોલીસ સતત એક્રાઉન્ટરમાં વ્યસ્ત છે અને પોલીસ ગુંડાવાદને ખતમ કરવામાં વ્યસ્ત છે. આ એક્રાઉન્ટરમાં ગેંગસ્ટરનું ગોળી વાગતાં મોત થયું હતું. ગેંગસ્ટરની ઓળખ ભાંગવા જંડિયાલા ગુરુના રહેવાસી અમૃતપાલ સિંહ ઉર્ફે અમરી ઉર્ફે લંબરી તરીકે થઈ છે.



આરોપી હત્યા અને હત્યાના પ્રયાસના ચાર ગુનામાં સંડોવાયેલો હતો. આ એક્રાઉન્ટરમાં પંજાબ પોલીસનો એક કર્મચારી ઘાયલ થયો છે, જેને ગુરુ નાનક દેવ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. તે જ સમયે, એક પોલીસ કર્મચારીને પણ તેની પાઘડીમાં ગોળી વાગી હતી, પરંતુ તેની પાઘડીના કારણે તે બચી ગયો હતો.

પોલીસે આરોપીના કબજામાંથી બે કિલો હેરોઈન, પોઈન્ટ ૩૦ બોરની પિસ્તોલ અને ૩૦ ગોળીઓ મળી આવી છે. હાલ પોલીસ ઘટનાસ્થળે શોધખોળ કરી રહી છે. ઘટનાસ્થળ પર એસએસપી દેહાતી સતીન્દર સિંહ, એસપી જુગરાજ સિંહ, એસપી ગુરપ્રતાપ સિંહ સહોતા તેમની આખી ટીમ સાથે ઘટનાની તપાસ કરી રહ્યા છે. એસએસપી સતીન્દર સિંહે જણાવ્યું કે અમરીની મંગળવારે સાંજે ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ આરોપીની પૂછપરછ કરી રહી હતી અને પૂછપરછ દરમિયાન તેણે કબૂલ્યું હતું કે તેણે બે કિલો હેરોઈન અને એક પિસ્તોલ છુપાવી હતી. તેના સ્થળ પર પોલીસ તેને બોલેરો કારમાં લઈ જઈ રહી હતી. જ્યારે તે ધારર ગામ નજીક નહેર પાસે પહોંચ્યો ત્યારે આરોપીઓએ પોલીસ પર ફાયરિંગ શરૂ કર્યું. જે બાદ પોલીસે પણ ગોળીબાર કર્યો હતો અને બંને તરફથી ગોળીબાર થયો હતો.

## તંત્રી લેખ...

# બદલાતી જીવનશૈલી સાથે હૃદયરોગ પ્રત્યે લોકોએ સચેત રહેવું જોઇએ

શિયાળો આવતાં જ હૃદય રોગની પ્રબળતા વધી જાય છે અને હૃદયરોગના હુમલા વધવા લાગે છે. યુવાઓમાં પણ હૃદય રોગની ફરિયાદ જે રીતે વધી રહી છે, તે વિશેષ રૂપે ચિંતાનું કારણ બની છે. માત્ર ૪૭ વર્ષીય અભિનેતા શ્રેયસ તલપડેને પણ હાર્ટ એટેક આવ્યો અને તેણે એન્જિયોપ્લાસ્ટી કરાવવી પડી. તલપડે હસમુખ પ્રવૃત્તિ અને પાતળા બાંધાનું શરીર ધરાવે છે, છતાં તેને આવેલ એટેક ચિંતાજનક છે. ગત વર્ષોમાં કેટલાય યુવા અભિનેતાઓને એટેક આવ્યા અને સમયસર તેમને ઉપચારનો લાભ ન મળી શક્યો. એ વાત સ્પષ્ટ છે કે બદલાતી જીવનશૈલી સાથે હૃદયરોગ પ્રત્યે લોકોએ જેટલું સચેત રહેવું જોઈએ એટલું નથી રહેતા. એવું નથી કે હૃદય સંબંધી ફરિયાદો માત્ર ભારતમાં વધી રહી છે. તુર્કીના એક વિપક્ષી નેતા હસન બિટમેજનું ગયા અઠવાડિયે નિધન થઈ ગયું. તેઓ ઈઝરાયલ વિરુદ્ધ પોતાનું ભાષણ આપ્યા બાદ મંચ પર જ ઢળી પડ્યા હતા અને તેમની ઉંમર માત્ર ૫૪ વર્ષ હતી. એવા અનેક વીડિયો છે જેમાં લોકો નાચતા-ચાલતા કે બોલતા-બોલતા હૃદયાઘાતનો શિકાર થતા જોવા મળ્યા છે. શું આપણી દુનિયા હૃદય રોગોના મુકાબલા માટે પૂરી રીતે તૈયાર નથી? ભારતમાં તો હૃદયરોગને લઈને વધુ અધ્યયન નથી થયાં પરંતુ અમેરિકામાં થયેલ અધ્યયનથી ખબર પડે છે કે શિયાળાના દિવસોમાં હૃદયરોગના હુમલામાં ૩૦ ટકાનો વધારો થઈ જાય છે. કેટલાક ડોક્ટરો જણાવે છે કે ગરમીના દિવસોમાં તુલનામાં હૃદયરોગના બેગણા હુમલા ઠંડીના દિવસોમાં આવે છે. પારંપરિક રૂપે જો જોઈએ તો ભારતમાં પણ વૃદ્ધો માટે શિયાળાની સિઝન ચિંતાજનક ગણાવાઈ છે. ઘણા માટે ૧૫ ડિસેમ્બરથી લઈને મકરસંક્રાંતિ પહેલાં સુધીની રાતો મહાપરાણે કપાય છે. એવામાં શિયાળામાં સ્વાસ્થ્ય પ્રત્યે વધુ જાગરુકતા અનિવાર્ય છે. યોગ્ય ખાનપાન ઉપરાંત પોતાની દિનચર્યાને એવી રાખવી જોઈએ, જેથી શરીરમાં સ્વાભાવિક રૂપે ઉષ્મા જળવાઈ રહે. શરીર ચલાવવું અને વધુને વધુ પગપાળા ચાલવું જરૂરી છે, જ્યારે લોકો શિયાળામાં એક જ જગ્યાએ પડી રહેવાનું પસંદ કરે છે. જોકે પાછલાં ત્રણ વર્ષોથી ભારતમાં હૃદય સંબંધી ફરિયાદોને કોવિડ મહામારીથી જોડીને પણ જોવામાં આવે છે. ચિકિત્સકોની સલાહ પણ છે કે જે લોકોને કોવિડ થયો હતો તેમને કેટલાક વર્ષ સતર્કતાથી વિતાવવા જોઈએ, વધુ શારીરિક મહેનતથી બચવું જોઈએ. આંકડા સાક્ષી છે કે ભારતમાં એકલા ૨૦૨૨માં હૃદયરોગ હુમલામાં ૧૨.૫ ટકાનો વધારો થયો છે.

# એક જ દે ચિનગારી, એ પ્રાર્થનામાં કહ્યાં મુજબની ચિનગારી લાગી જાય તો જ જીવન પ્રકાશિત થાય



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. કેવળ સદગુરુની કૃપા ને પ્રતાપે ચિંતન લખાય છે, એ મારો સ્પષ્ટ ભાવ હોવાં છતાં લોકો એની પ્રશંસા કરે છે, પણ મોટાઈ કે અહમ એ પતનનું સૌથી પહેલું અને મોટું કારણ છે, જીવ એ સત્ય સારી રીતે જાણે છે, એટલે હર હંમેશ સદગુરુના ચરણોમાં પ્રીતિનું સ્થાન બની રહે, એવી પ્રાર્થના નિત્ય કરતો રહે છે. આમ પણ પ્રાર્થનાનો દોર આપણને બધાને નાના બનાવી રહ્યો છે. સૌકોઈ ને એ વર્ગ ખંડની યાદમાં ખેંચતો જાય છે, અને આ ઉંમરે પણ દોડાદોડી કરવાનું ને ઉડવાનું મન થાય જાય છે, પરંતુ આ શરીરથી હવે એ શક્ય નથી,અને મન પણ લોગ ક્યાં કહેંગે એ વિચારીને હવે એ દોર છોડી ચૂક્યું છે....ખેર છોડો. પણ જરાક વિતેલા જીવનના વર્ષો પર નજર કરીએ કે એવું તે શું થયું કે આ નિખાલસતા ચાલી ગઈ,ને આજે હવે ક્યાંથી એ લાવવી! સમય સમયની વાત છે,તે સમયે બાળપણની કિંમત ન હતી, ને અત્યારે એની ઝંખના આંખમાં કાજળ જેમ અંજાઈ ગઈ છે.આમ પણ મોટાઈ જગત ને પચતી નથી,અહીં પંડિત બનવામાં મજા નથી, નાહકના લોકો પરીક્ષા લેશે.આમ પણ જીવનમાં ઈશ્વરે શું કમી રાખી હતી! પણ આપણને માણતા આવડતું જ નથી,બસ જાણકારી મેળવવા માં જ સમય પૂરો થઈ જાય છે, અને પછી સમય ક્યાં છે નું એ જ પુરાનું બહાનું. કોઈ બહુ જ અંગત કે ખાસ મિત્ર ને મળીએ તો સ્વાભાવિક રીતે આપણે તેના પ હેરવેશ વગેરે ને જોતા નથી બસ ગળે વળગાડી ને લાગણી વ્યક્ત કરીએ છીએ,એજ રીતે એક વાર જીવન ની સમસ્યાનું વધું પડતું વિશ્લેષણ કર્યા વગર બસ તેને જેમ છે તેમ અપનાવી લઈએ તો એટલું કષ્ટ નથી પડતું.આગને અડીએ તો બહુ સ્વાભાવિક છે કે ગરમ લાગે કે દાઝી જવાય, પણ એ ગરમ જ છે એ સ્વીકારી એ તો થોડું ઓછું થાય છે, અને આ દરેક સ્ત્રીનો અનુભવ છે.એક એવો અનલ કે જે દઝાડવા કરતા જીવનને વધુ પ્રકાશિત કરે છે, અને સામાન્ય રીતે આપણે તેને ચીનગારી કહીએ છીએ, તો આપણે આજે એવી એક ચિનગારી ની પ્રાર્થના વીશે વાત કરીશું.

**''એક જ દે ચીનગારી''**<br>
**એક જ દે ચિનગારી મહાનલ**<br>
**એક જ દે ચિનગારી...**<br>
**ચકમક લોઢું ઘસતાં ખરચી જીંદગી સારી,**<br>
**જામગરીમાં તણખો ન પડ્યો**<br>
**ન ફળી મહેનત મારી... મહાનલ.**<br>
**ચાંદો સળગ્યો સૂરજ સળગ્યો સળગી**<br>
**આભ અટારી,**<br>
**ના સળગી એક સગડી મારી**<br>
**વાત વિપતની ભારી... મહાનલ.**<br>
**ઠંડીમાં મુજ કાયા થથરે ખૂટી ધીરજ મારી,**<br>
**વિશ્વાનલ હું અધિક ન માગું**<br>
**માગું એક ચિનગારી... મહાનલ.**

આ પ્રાર્થનાના રચયિતા કવિ શ્રી હરિહર પ્રાણશંકર ભટ્ટ છે, અને તેનો જન્મ મે ૧, ૧૮૯૫ વેકરિયા,સૌરાષ્ટમાં થયો હતો, અને અવસાન માર્ચ ૧૦, ૧૯૭૮મા થયું હતું.તેમના માતા પાર્વતીબેન પિતા પ્રાણશંકર ભટ્ટ છે.તેમણે ત્રણ જગ્યાએ રહી અભ્યાસ પૂર્ણ કર્યો.પ્રાથમિક સાવરકુંડલા, માધ્યમિક ભાવનગર બી. એ. મુંબઈમાં કર્યું.

તેમનો વ્યવસાય એક શિક્ષકનો હતો.ખગોળશાસ્ત્રમાં સંશોધન સંપાદન જીવન ઝરમર અકોલા મહારાષ્ટ્રમાં શિક્ષક તરીકે ફરજ બજાવી, અને અમદાવાદ ગાંધીજીના સત્યાગ્રહ આશ્રમમાં તથા ન્યૂ એજ્યુકેશન હાઈસ્કૂલમાં પણ શિક્ષક તરીકે ફરજ બજાવી.ભો જે વિદ્યાભવન અમદાવાદમાં જ્યોતિષશાસ્ત્રના અધ્યાપક હતાં, જ્યારે અમદાવાદ વેધશાળાના નિયામક રહી ચુક્યા હતા.ગુજરાતી દૈનિક સંદેશ સાથે તેઓ જીવનના અંત સુધી સંલગ્ન રહ્યા, અને સંદેશ પંચાંગના સંપાદકનું કાર્ય પણ કર્યું. તેમની મુખ્ય રચનાઓ કાવ્યસંગ્રહો હૃદયરંગ, ને જ્યોતિષશાસ્ત્ર સંદેશ પ્રત્યક્ષ પંચાંગ,ખગોળ ગણિત છે. કવિ ચિનગારીની વાત બહુ સુંદર રીતે રજૂ કરે છે,આમ તો ચિનગારી બે પ્રકારની હોય છે એક આત્મા દીપ પ્રગટાવનારી છે, અને જીવન પથ પર અજવાળુ પથરાતા સુંદર જીવન વીતે છે, જ્યારે બીજી ચિનગારી નફરતની છે, તે જો લાગે તો ભલભલાના જીવન દુરસ્ત થતાં વાર લાગતી નથી. કવિ અહીં જીવન જીવવા માટેના પ્રકાશ રુપ ચિનગારીની વાત કરે છે. જીવનની સતત ચાલતી ઘટમાળને સંબંધોની ચકમકમાં જ જીવન આખું ચર્ચાઈ ગયું, પણ જામગરીમાં ચિનગારી લાગી નહીં, જામગરી એકદમ યથાર્થ શબ્દ પ્રયોજન કર્યું. બહુ ઈમાનદારીપૂર્વક સ્વીકારવું પડશે, કે આ શબ્દના અર્થ વિશે મને પણ ખબર ન હતી,જામગરી એટલે તોપ ના ગોળામાં બારુદ લગાડવાની જગ્યા, એટલે કે એવી વિસ્ફોટક ચીનગારી કે જેનાથી આ તમામ દુર્ગુણ નાશ પામે.હે ઈશ્વર તારી પાસે તો એવી ચીનગારી છે, કે સૂર્ય ને ચાંદ સતત પ્રજ્વલિત રહી શકે છે, પણ મારી એક સગડી માટે તે કેમ બાકી રાખ્યું ! એટલે જ આ વિપત્તિ ભારે લાગે છે. ભવિષ્ય ધૂંધળું દેખાતા એ કલ્પનાથી જ હું થરથર ધ્રુજી જાઉં છું.હે વિશ્વાનલ મેં તો એક જ ચિનગારી માંગી છે! જેના થકી આ બધા જ પ્રશ્નો હલ થઈ જશે. કેટલું અલગ પ્રકારનું કલ્પન છે કવિનું, આપણી તો તાકાત પણ નથી તે ભાવને સમજવાની છતાં પણ શક્ય એટલું સરળ કરવાની કોશિશ કરી છે.આવા ઊંચા ગજાના કવિના ચરણોમાં બેસી અને તેનો નિત્ય પાઠ કે પ્રાર્થના કરવાથી, પણ જામગરીમાં જો ચિનગારી અડકી જાય તો જીવન ધન્ય બની જાય, સૌપ્રથમ તો ઈશ્વરને અગ્નિ તરીકે સ્વીકાર્યો બહુ મોટી વાત છે, પંચતત્વમાં અગ્નિ એ એક તત્વ છે. પરંતુ સામાન્ય રીતે મૃત્યુ સમયે જીવ તેનો અનુભવ કરતા હોય છે. આ સળગવાનો અનુભવ જીવતે જીવ કરવો એ કોઈ સામાન્ય જીવના બસની વાત નથી. આપણી કલ્પના પણ જ્યાં પહોંચે નહીં, અને આપણા શબ્દની તો શું વિસાત, વાતવાતમાં ચાપલૂસી કરવાની જેને ટેવ પડી ગઈ છે,એવા આપણા શબ્દ છે!! તેને બ્રહ્મ કેમ કહેવો! પરંતુ હાલની વૈશ્વિક સમસ્યાનું સમાધાન જો પ્રાર્થના કરવાથી મળતું હોય તો આપણી આવી નાની-મોટી સમસ્યાઓ ને આવી ચિનગારી અડકાડી અને બાળીને ભસ્મ કરવામાં જ સૌની ભલાઈ છે. અત્યારે તો ઈશ્વરને એટલે કે મહાનલ કે વિશ્વાનલ ને એક જ પ્રાર્થના છે કે આ અશાંતિ રૂપી સમસ્યાને એક ચિનગારી ચાંપી દે, જેથી આ વિશ્વમાં માનવતા બની રહે. તો આપણા સૌ વતી ઈશ્વરના ચરણોમાં આ કોરોના ને ચીનગારી ચાંપવાની આજે એ એક અનન્ય પ્રાર્થના રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવી પ્રાર્થના સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# યમ નિયમ પૂર્ણપણે પાળો, ઈશ્વર તમને શોધતા આવશે

ઈશ્વર સાથે જોડાણ કરાવતી જે યોગિક ક્રિયા છે તેને આઠ પ્રક્રિયાઓમાં વહેંચવામાં આવી છે. જેમ જેમ માણસ આ પ્રક્રિયાઓમાંથી સાંગોપાંગ પાર ઊતરતો જાય એમ એમ એ ઈશ્ર્વર તરફ એક એક ડગલું આગળ વધતો જાય છે. આ આઠ પ્રક્રિયાઓમાંની પ્રથમ બે પ્રક્રિયાઓ એટલે યમ અને નિયમ. ચાલો આ બે પ્રક્રિયાઓને સમજવાનો પ્રયાસ કરીએ.

**યમ-નિયમ છે શું?**

સ્કુલ કે કૉલેજમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ ફોર્મ ભરવા પડે છે. જેમાં સંબંધિત સંસ્થાના નિયમ લખ્યા હોય છે. તેનું વિદ્યાર્થીઓએ પાલન કરવાનું હોય છે. બરાબર એ જ રીતે પ્રભુના કાર્યક્ષેત્રમાં પ્રવેશવા માટે પણ પતંજલિએ યમ-નિયમો પાળવાનું કહ્યું છે. યોગનાં પ્રથમ અંગ યમ વિશે વાત કરીએ તો પાંચ પ્રકારના યમ છે જેનું ખંતપૂર્વક પાલન કરવાથી તમારે ઈશ્ર્વરને શોધવાની જરૂર નહીં પડે ઈશ્ર્વર તમને શોધતા આવશે.

પાંચ પ્રકારના યમનું વર્ણન છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. આ પાંચેય યમ જે નિષ્ઠાપૂર્વક પાળે તો સર્વપ્રથમ તો તેના મનની અશુદ્ધિઓ દૂર થાય છે.

વિજ્ઞાનના નિયમો પ્રમાણે ડહોળાયેલા પાણીના તળિયે કોઈ પદાર્થ હોય તો તે દેખાતો નથી, પરંતુ આ જ પાણીમાંથી અશુદ્ધિઓ દૂર કરવામાં આવે અને તે નિર્મળ બને તો તેના તળિયામાં રહેલો પદાર્થ જોઈ શકાય છે. હિંસા, અસત્ય, ચોરી, વાસના, અસંયમ વગેરેથી મનના ક્ષણિક લાભ પ્રાપ્ત થાય, પરંતુ લાંબે ગાળે તો મનને ડહોળી નાંખતી અશુદ્ધિ જ વધે છે. આ અશુદ્ધિઓ જેમ જેમ વધતી જાય તેમ તેમ આપણે પરમાત્મા દર્શનથી વંચિત થઈએ અને જેમ જેમ ઘટતી જાય તેમ તેમ પ્રભુદર્શનની તક વધતી જાય.

કાગળ પર લખવું કે બોલવું જેટલું સહેલું છે એટલું જ અઘરું છે યમ-નિયમને જીવનમાં પાળીને બતાવવાનું. આ બધું કાંઈ એક-બે દિવસમાં ન થાય, તે માટે ભારે હિંમત અને ધીરજની જરૂર છે. વળી કોઈ પણ યમ-નિયમનું સર્વાંગી પાલન થય તો જ મનનો કચરો સાફ થાય.

દાખલા તરીકે અહિંસામાં માનવું એનો અર્થ એ નથી કે ફકત શારીરિક હિંસા ન કરવી. જેમ શરીરથી હિંસા થાય છે. એમ કોઈનું બુરું ઈચ્છીએ તે પણ મનથી થયેલી હિંસા ગણાય. આજ રીતે કોઈને દુઃખ થાય તેવા કઠોર વચનો એ વાણીથી થતી હિંસા ગણાય. તમે તમારાથી કોઈ કીડી પણ ન મરી જાય તેનું ધ્યાન રાખતા હો, મંદિર કે દેરાસરમાં અઢળક દાન કરતો હો છતાં તમારી પત્ની, સ્વજનો કે સ્ટાફમાં કામ કરતા માણસો સાથે જેમ તેમ બોલો કે તેમને દુઃખ થાય એવું વર્તન કરો તો પરમાત્માના દર્શનની ગેરંટી ઘટી જાય છે, આથી ઊલટું સામાન્યમાં સામાન્ય માણસ પણ જો વિચાર, વાણી કે વર્તનમાં અહિંસા અપનાવે તો પરમાત્માના દર્શનની શક્યતાઓ વધતી જાય છે. પતંજલિ કહે છે કે અહિંસાનું બરાબર પાલન કરે છે, તેની પાસે બધા પ્રાણી વેરભાવનો ત્યાગ કરી દે છે. તેવી વ્યક્તિ પ્રેમની મૂર્તિ બની જાય છે.

# આજકાલ જ્ઞાન અને ભક્તિ વધ્યાં છે એમ લાગે છે પણ કોઇને શાંતિ મળતી નથી, તેનું કારણ એ છે કે કોઈ ધર્મ મર્યાદા પાળતાં નથી



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા

દર્શનમાં નામરૂપ ભૂલાય ત્યારે દર્શનનો આનંદ આવે છે. બ્રહ્મદર્શનનો આનંદ આવે છે. ઈશ્વરદર્શન થયા પછી વેદો પણ ભૂલાઈ જાય છે. ઈશ્વરનો સાક્ષાત્કાર થાય તો વેદની પણ જરૂર નથી. પ્રભુદર્શન થતાં નામરૂપ ભૂલાય છે. પોતાનું ભાન પણ રહેતું નથી. એટલે વસિષ્ઠજી કહે છે કે, મારું નામ પણ હું ભૂલી ગયો છું. કૌશલ્યાએ બાળકને ગોદમાં લીધો, ને બહાર આવ્યાં. અયોધ્યાની પ્રજા રામલાલાનાં દર્શન કરે છે. જીવમાત્ર આરામને શોધે છે, જીવમાત્ર શાંતિ ચાહે છે. એવી શાંતિ કે જે શાંતિનો ભંગ ન થાય. રામજીની મર્યાદાનું પાલન કરો તો જીવનમાં સાચી શાંતિ મળશે. ધર્મનું ફળ છે શાંતિ, અધર્મનું ફળ છે અશાંતિ. ધર્મની મર્યાદાનું પાલન ન કરે તેને શાંતિ પ્રાપ્ત થતી નથી.સ્ત્રી સ્ત્રીની મર્યાદામાં રહે અને પુરુષ પુરુષની મર્યાદામાં રહે તો શાંતિ મળે. ધર્મમર્યાદા વિનાનાં જ્ઞાન, ભક્તિ કે ત્યાગ સફળ થતાં નથી. આજકાલ જ્ઞાન અને ભક્તિ વધ્યાં છે એમ લાગે છે પણ કોઈને શાંતિ મળતી નથી. તેનું કારણ એ છે કે, કોઈ ધર્મમર્યાદા પાળતાં નથી. ધર્મમર્યાદા પાળ્યા વગર ભક્તિ, જ્ઞાન પણ નકામા છે. ચંદ્ર, સૂર્ય ધર્મની મર્યાદામાં છે. સમુદ્ર પોતાની મર્યાદા છોડતો નથી, ત્યારે લોકોને થોડા પૈસા મળે, અધિકાર વધે, માન મળે, એટલે ઘમંડમાં આવી જાય છે અને માને છે કે હું મોટો સાહેબ છું. મને પૂછનાર કોણ? બધા દિવ્ય સદગુણો જેમાં એક થાય છે તે પરમાત્મા છે. લક્ષ્મણ જી વિવેકનું, ભરતજી વૈરાગ્યનું અને શત્રુઘ્ન સદવિચારનું સ્વરૂપ છે. ભરત અને શત્રુઘ્ન એટલે વૈરાગ્ય અને સદવિચાર. જો અયોધ્યામાં ન હોય તો દશરથ કૈકેયીને આધીન થાય, નહીંતર નહીં. ચંદન અને પુષ્પથી રામજીની સેવા કરો એ ઠીક છે, પણ રામજીની આજ્ઞાનું પાલન કરો એ રામજીની ઉત્તમ સેવા છે. ભગવાનની ઉત્તમ સેવા એ છે કે, ભગવાનની આજ્ઞા ઓનું પાલન કરવું. જો તેમ કરવા માં ન આવે તો ઈશ્વર કહે છે કે, મારું કહેલું તું કરતો નથી, તો તારી સેવા હું સ્વીકારતો નથી. રામજીનું ચરિત્ર એટલું પવિત્ર છે કે, તેનું સ્મરણ કરતાં આપણે પવિત્ર થઈ જઈએ છીએ. વર્તન રાવણ જેવું રાખો અને રામનામનો જાપ કરો તો રામનામનું ફળ મળતું નથી. વર્તન રામ જેવું રાખો અને રામનામનો જપ કરો તો તાળવા માંથી અમૃત ઝરશે.યશપાલસિંહ ટી વાઘેલા શ્રી ઓગડ વિદ્યા મંદિર થરા રામજીની ઉત્તમ સેવા એ છે કે, રામજીનો એક એક સદગુણ જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરો. રામચંદ્રજીનો અવતાર રાક્ષસોનો સંહાર કરવા માટે થયો નથી, પરંતુ મનુષ્યોને ઉચ્ચ આદર્શ બતાવવા માટે થયો છે.

જગતનો ઉદભવ માનવધર્મનો ઉપદેશ આપવા માટે થયો છે. રામજી સકળ સદગુણોનો ભંડાર છે. પરમાત્મા હોવા છતાં તેઓ સકળ મર્યાદાઓનું બરાબર પાલન કરે છે. વાલ્મિકી વિચાર કરે છે કે, રામને કોની સાથે સરખાવું? રામને શું ઉપમા આપું?બહુ વિચાર કર્યો,પરંતુ કોઈ ઉપમા ન જડી ત્યારે બોલ્યા કે, રામ જેવા રામ જ છે. તમે માનો ગમે તે દેવને, શંકરને, વિષ્ણુને કે કોઈ દેવદેવીને, પરંતુ વર્તન રામજીનું જેવું રાખો. શંકર ના ભક્ત હો કે શ્રીકૃષ્ણના, પણ વર્તન રામ જેવું રાખો. જેનું વર્તન રામ જેવું હશે તેની ભક્તિ ફળ થશે. અનુકરણ રામજીનું કરવાનું છે. શ્રીકૃષ્ણલીલાઓ અનુકરણ કરવા માટે નથી, પણ તે લીલાઓ શ્રવણ કરી તન્મય થવા માટે છે. ગોકુળલીલામાં પુષ્ટિ છે, રામલીલામાં મર્યાદા છે. એમજીનું સમગ્ર વર્તન અનુકરણીય છે. રામ સર્વ ગુણોના ભંડાર છે. પ્રત્યેક સ્ત્રીમાં રામજી માતૃભાવ કંખતા. મનુષ્ય એક બાજુથી પુણ્ય કરે છે અને બીજી બાજુથી પાપ પણ ચાલુ રાખે છે. સરવાળે પણ હાથમાં આવતું નથી. રામજી સ્થિર ભાવ રાખવાનું કહે છે. રામ માતાપિતાની આજ્ઞામાં હંમેશા રહેતા. રામ સદા દશરથ-કૌશલ્યાને પ્રણામ કરતાં.આજે તો છોકરાઓ ને પિતાની મિલકત હતાં સંકોચ-શરમ નડતાં નથી અને વંદન કરવામાં સંકોચ થાય છે! માતાપિતા લક્ષ્મી- નારાયણરૂપ છે. તેમને વંદન કરો. સ્વચ્છંદી રીતે કદી ન વર્તો. કથા નથી રઘુનાથજીની ઉદારતાનો, રઘુનાથજીની દીનવત્સલતાનો જોટો



જગમાં નથી. રામ જેવા રાજા થયા નથી અને થવાના નથી.રામચરિત્ર દિવ્ય છે. રામજીનું ચરિત્ર સર્વને ડોલાવે છે તેથી મહાત્માઓ તે ચરિત્રને દિવ્ય કહે છે. રામજીની કથા એવી દિવ્ય છે કે, જે એ સાંભળે તે એમાં ભાવ વિભોર થઈ ડોલવા માંડે છે. દેવો, ગંધર્વો પણ આમ ડોલી ઊઠે છે અને કથામાં મસ્ત બની જાય છે. એ જોઈ બ્રાહ્મણને ચિંત થઈ કે, શેષનાગ, જેની ફણા પર આ પૃથ્વી રહેલી છે, તે જો આ રામ કથા સાંભળી ડોલવામાં તો સૃષ્ટિ ની શું દશા થાય? તેથી તેમણે શેષ નાગને-સર્પમાત્રને કાન આપ્યા નથી એમ છે. રામની કથાનું આટલું માહાત્મ્ય છે. કવિઓ કહેરામજી પિતૃભક્ત છે. પિતાનું બધું રાખ્યું, પણ એક વસ્તુ એમણે રાખી નથી. દશરથનું બહુપત્નીત્વ તેમણે સ્વીકાર્યું નથી. મુખથી નહીં, પણ પોતાના આચરણથી તેમણે એ બતાવ્યું છે. રામજી સર્વ સદગુણના ભંડાર છે. સર્વમાંથી શુભ લેનારા છે, પણ વડીલોમાં જે લેવા જેવું તે જ લીધું છે. પુરુષ એક જ સ્ત્રીમાં ભાવ રાખે અને ધર્માનુકૂલ જીવન ભોગવે તો તે ગૃહસ્થ હોવા છતાં બ્રહ્મચારી છે. રામજી આંખ ઊંચી કરી કોઈને જોતા નથી. સીતાજી પણ આંખ ઊંચી કરી પરપુરુષને જોતાં ન હતાં. આ શાસ્ત્રની મર્યાદા છે. આવી મર્યાદા પાળશો તો જીવન સુધરશે. વાલ્મીકિ-રામાયણના સુંદર કાંડમાં એક કથા છે.

હનુમાનજી સીતાજીને અશોકવન માં મળે છે. વિદાય વખતે સીતાજી તેમને કહે છે, તું આવ્યો તે સારું થયું, પણ તારા ગયા પછી રાક્ષસીઓ મને ત્રાસ આપશે. ત્યારે હનુમાનજી કહે છે કે, આજ્ઞા કરો તો હમણાં જ આપને ઉપાડી ને રામજી પાસે લઈ જાઉં. સીતાજી કહે છે કે, ના. તું મારો દીકરો છે, તું બાળબ્રહ્મચારી છે, પવિત્ર છે, પણ તું પુરુષ અને હું સ્ત્રી છું. મારા માટે પરપુરુષનો સ્પર્શ વર્જ્ય છે. મનુષ્યજીવનના આવા ઉચ્ચ આદર્શ રામકથામાં આપણને જોવા મળે છે. તેવા બીજે ક્યાંય નથી મળતાં. સ્ત્રી પતિ સિવાય કોઈ સાધુ સંતોનો પણ ચરણસ્પર્શ ન કરે. સીતાજી આદર્શ સ્ત્રીધર્મનું તત્ત્વ જગતને બતાવે છે,રામસરળ છે પણ સીતાજીની સરળતા અલૌકિક છે. વડીલનું દિલ કોઈ દિવસ ન દુભાવવું. રામજીને કૈકેયીએ વનવાસ આપ્યો. ત્યારે કૈકેયીને પળે માનમાં રામજીએ કહયું છે, મા, મારો ભરત રાજા થતો હોય તો ચૌદ વર્ષ તો શું, હું કાયમને માટે વનમાં રહેવા તૈયાર છું.મા,હું જાણું છું કે, તારો મારા તરફ પક્ષપાત છે. ભરત કરતાં તારો પ્રેમ મારામાં વિશેષ છે એ હું જાણું છું. હું જાણું છું કે, ઋષિમુનિઓનો મને સતસંગ પ્રાપ્ત થાય એટલા જ માટે તે મને વનવાસ આપ્યો છે. અમારા કલ્યાણ સિવાય તમારા મનમાં બીજી કોઈ કામના નથી. આવું જેનું મન છે તેની સામે કૈકેયી પણું પણ આખરે ટકી શકતું નથી. શિવજી રોજ રામકથા ઉમાને સંભળાવે છે. હનુમાનજી રામકથા સાંભળે છે.રામાયણની કથા શિવજીએ એક કરોડ શ્લોકમાં લખી છે. એક વખત દેવો, ઋષિઓ અને મનુષ્યો શિવજી પાસે એ રામાયણની માગણી કરવા ગયા. રામાયણના શ્લોક એક કરોડ. તેના ત્રણ માગ કરતાં દરેક ભાગે ૩૩,૩૩,૩૩૩ શ્લોક આવ્યા. વહેંચણી કરતાં એક શ્લોક વધ્યો. તેને માટે ત્રણ વચ્ચે ઝઘડો થયો. એક પણ કોઈ જવા દેવા તૈયાર નથી. શિવજીને ઝગડો ગમતો નથી. જ્યાં યુદ્ધ નથી, વેર નથી, સ્વાર્થ નથી, વાસના નથી, વિષમતા નથી, ત્યાં અયોધ્યા છે અને ત્યાં રામ અવતાર ધારણ કરીને આવે છે. જ્યારે કૈકેયીના મનમાં વિષમતા, વાસના કે સ્વાર્થ જાગે, ત્યારે રામ અયોધ્યા છોડી જાય છે. બળદ અને સિંહ, ઉંદર અને સર્પ, મોર અને સર્પ વચ્ચે જન્મસિદ્ધ વેર છે. છતાં શિવજીના દરબારમાં આવ્યા પછી એ પશુઓ પણ વેર ભૂલી જાય છે અને બળદ સિંહ સાથે રહે છે. ગરુડ અને સર્પને પણ જન્મથી વેર છે, છતાં વિષ્ણુ ભગવાન પાસે વેર -તું નથી. શિવજીએ કહ્યું કે, શ્લોક એક છે અને લેનાર ત્રણ છે. શ્લોકમાં અક્ષરો હતા બત્રીસ, એટલે શ્લોકના અક્ષરો ગણ્યા તો બત્રીસ થયા. તેમાંથી એક એકને દસ દસ આપ્યા. આ પ્રમાણે પ્રેસ અથરો જતાં બાકી રહ્યા બે અક્ષરો. શિવજીએ કહ્યું કે, આ બે અક્ષરો હું રાખી લઉં છું. બધું સાપ્યું પણ રામ શિવજીએ બે અક્ષર કોઈને આપ્યા નહીં.તે પ્રમાણે રામને હંમેશાં હૃદયમાં રાખજો. ભગવાન શંકર રામાયણ ના આચાર્ય કહેવાય છે. શિવજી જગતને બતાવે છે કે, ઝેર પી ગયા, પણ રામનામના પ્રતાપથી મને કાંઈ થયું નહીં. જીવનમાં ઝેર પીવાના અનેક પ્રસંગો આવે છે. જ્યારે ઝેર પીવાનો પ્રસંગ આવે ત્યારે પ્રેમથી શ્રીરામ શ્રીરામ બોલો. સંસારમાં પણ નિંદા, વ્યાધિ વગેરે ઝેર છે. બાળવા આવે ત્યારે રામનામનો જપ કરજો. ભગવાન શિવ રામ નામામૃતનું નિત્ય પાન કરે છે તેથી તે શિવ છે. કલ્યાણ સ્વરૂપ છે. ભજીએ કહ્યું છે કે, હું રામજીની કથા કરું છું, પણ રામજી કેવા છે તે હજુ હું જાણતો નથી. -રજનો આ વિનય છે.જે જાણે છે કે હું કાંઈ જાણતો નથી એ જ બધું જાણે છે.શિવજી જેવા નવો વિનય કરે છે,જ્યારે આપણા અલ્પ ભણેલા ઓ મહા જ્ઞાની હોવાનો દેખાવ કરે છે. અયોધ્યામાં રઘુનાથજીનું પ્રાગટ્ય થયું છે. લક્ષ્મણ-ભરત-શત્રુઘ્નની સાથે રઘુનાથજી કૌશલ્યાના આંગણામાં રમે છે. ધીરે ધીરે રામચંદ્રજી મોટા થયા છે. રામચંદ્રજી રમતગમતમાં પણ શ્રમ ની. આપણે શું કરીએ છીએ? આજે તો ભાઈની મિલકત માટે કે પૈસા માટે એકબીજા પર દાવો મ. કોર્ટે જાય છે, પણ જો મોટો ભાઈ રામ બને અને નાનો ભાઈ ભરત બને. તો આજે પણ ભાઈઓનાં દિલ દુભાવતા નથી. રમતમાં પણ તેઓ જીતવાનું પસંદ કરતા નથી. પોતાના નાનાભાઈની જીતને પોતાની જીત સમજે છે. રમતમાં પણ રામજીએ ભરતનું દિલ દુભવ્યું નથી. ત્યારે આપણે શું કરીએ છીએ? આજે તો ભાઈની મિલકત માટે કે પૈસા માટે એક બીજા પર દાવો કરે છે, કોર્ટે જાય છે, પણ જો મોટો ભાઈ રામ બને અને નાનો ભાઈ ભરત બને,તો આજે પણ રામરાજ્ય થાય.

# ઘણી સ્ત્રીઓ અહીં અસુરક્ષિત અનુભવતી હશે : આયેશા ઓમર

**પાકિસ્તાનમાં કોવિડ-૧૯ દરમિયાન લોકડાઉન લાગુ કરવામાં આવ્યું ત્યારે જ અહીં મહિલાઓ બહાર જઈ શકતી હતી**



પાકિસ્તાની અભિનેત્રી અને યુટ્યુબર આયેશા ઉમર તેના સ્પષ્ટ નિવેદનોને કારણે વિશ્વભરમાં હેડલાઈન્સમાં છે. તે અવારનવાર ઘણાં મુદ્દાઓ પર આવા નિવેદનો આપે છે. જેના કારણે તે વિવાદોમાં ફસાઈ જાય છે. ફરી એકવાર તેનું નિવેદન સોશિયલ મીડિયામાં ચર્ચાનો વિષય બની ગયું છે. આ વખતે તેણે પાકિસ્તાનમાં મહિલાઓની સ્વતંત્રતા અને સુરક્ષાને લઈને સનસનાટીભર્યું નિવેદન આપ્યું છે. હાલમાં જ આયેશાએ એક પોડકાસ્ટમાં પાકિસ્તાનમાં મહિલાઓની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તે કહે છે, 'દરેક મનુષ્ય માટે સ્વતંત્રતા અને સુરક્ષા ખૂબ જ મહત્વપૂર્ણ છે, જે અહીં નથી. હું અહીં સુરક્ષિત નથી અનુભવતી. હું રસ્તા પર ચાલવા માંગુ છું, કારણ કે દરેક વ્યક્તિ તાજી હવા માટે બહાર જવા માંગે છે, પરંતુ અહીં હું તેમ કરી શકતી નથી. કોવિડ-૧૯ દરમિયાન લોકડાઉન લાગુ કરવામાં આવ્યું ત્યારે જ અહીં મહિલાઓ બહાર જઈ શકતી હતી. આયેશાએ આગળ કહ્યું, 'મને કરાચીમાં ઘણું ટેન્શન ફિલ થાય છે. મને લાગે છે કે ઘણી સ્ત્રીઓ અહીં અસુરક્ષિત અનુભવતી હશે. અહીંના પુરૂષોને ખ્યાલ નથી કે, મહિલાઓને કયા ડરનો સામનો કરવો પડે છે અને તેઓ કેવી રીતે મોટી થાય છે. આ દેશમાં તમે દરેક ક્ષણે મુશ્કેલી અનુભવો છો. જ્યારે હું કોલેજમાં હતી ત્યારે કરાચી કરતાં લાહોરમાં થોડી સલામતી અનુભવતી હતી. તે સમયે હું બસમાં કોલેજ જતી હતી, પરંતુ કરાચીમાં મારી સાથે બે વખત લૂંટની ઘટના બની હતી.

# સ્નેહા ઉલ્લાલની બોલ્ડ તસવીરો જોઇને ઠંડીમાં છૂટી જશે પરસેવો



સલમાન ખાન સાથે સ્નેહાએ લકી નો ટાઇમ ફોર લવ ફિલ્મથી ડેબ્યુ કર્યુ હતુ

સ્નેહા ઉલ્લાલ આજે એનો ૩૬ મો બર્થ ડે સેલિબ્રેટ કરી રહી છે. સ્નેહા ઉલ્લાલ બોલિવૂડની એ એક્ટ્રેસમાંથી એક છે જેને ધાંસૂ રીતે ડેબ્યુ કર્યા પછી પણ ફ્લોપ ગઈ છે. સ્નેહાએ અનેક ફિલ્મોમાં કામ કર્યુ છે. સ્નેહાએ સલમાન ખાન સાથે લકી નો ટાઇમ ફોર લવ ફિલ્મથી ડેબ્યુ કર્યુ હતુ. ત્યારબાદ સ્નેહા અનેક ફિલ્મોમાં જોવા મળી, પરંતુ ખાસ ઓળખાણ બનાવી શકી નહીં.

બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં સ્નેહાનો કોઈ જાદુ ચાલ્યો નહીં અને એક હિરોઈન તરીકે સુપર ફ્લોપ રહી. સામાન્ય રીતે સ્નેહા એની બોલ્ડનેસ માટે ફેમસ છે. સ્નેહાની થોડા સમય પહેલાં બિકીની ટોપની તસવીર ખૂબ વાયરલ થઈ હતી. જો કે સ્નેહાની અનેક તસવીરો એવી છે જેમાં એનો સુપર હોટ અંદાજ જોઈને ફેન્સ ક્રેઝી થઈ ગયા હોય. આમ તમને જણાવી દઈએ કે સ્નેહા એક્ટિંગમાં ભલે પોતાની કરિયર બનાવી ના બનાવી શકી હોય, પરંતુ એ સોશિયલ મિડીયામાં ખૂબ એક્ટિવ છે. સ્નેહા ફેન્સ માટે સોશિયલ મિડીયામાં અવારનવાર પોતાની તસવીરો શેર કરતી રહેતી હોય છે. આ તસવીરો જોઈને ફેન્સ સુપર ક્રેઝી થઈને ફિદા થઈ જાય છે. આટલું જ નહીં સ્નેહાએ તેલુગુ ફિલ્મોમાં પણ કામ કર્યુ છે. તમને એક વાત જાણીને નવાઈ લાગશે કે અભિનેત્રી ઐશ્વર્યા રાય બચ્ચનના ચહેરા જેવો સ્નેહનો ચેહરો હોવાથી તેની ખૂબ ચર્ચા થઈ હતી. આ ફિલ્મ પછી, સ્નેહા બોલિવૂડમાંથી ગાયબ થઈ ગઈ અને લગભગ ૧૦ વર્ષ પછી તે ફિલ્મ ઈશ્ક બેજુબાનમાં જોવા મળી, જોકે તેની ફિલ્મ ક્યારે આવી અને ક્યારે ગઈ તે કોઈને ખબર નહોતી. સ્નેહાએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતુ કે તેણીને ગંભીર બીમારી 'ઓટો ઈમ્યુન ડિસઓર્ડર' થઈ હતી.

**કેટલાય ફિલ્મી સ્ટાર્સ સાથે જોવા મળ્યો હતો, વર્ષો સુધી કેટલીય બોલીવુડ એક્ટ્રેસ સાથે તેને અફેયરની ચર્ચા છવાયેલી રહી હતી**

# બોલીવુડની ૩ હિરોઈન પાછળ પાગલ થઈને ફરતો હતો દાઉદ ઈબ્રાહિમ



૧. મંદાકિની



૨. અનીતા



૩. જૈસ્મીન

દાઉદ ઈબ્રાહિમ વર્ષોથી પાકિસ્તાનના કરાચીમાં રહે છે. તેણે મુંબઈમાં રહેતા પોતાના કાળા ધંધાને આગળ વધાર્યા હતા. તે બોલીવુડ ફિલ્મો અને સ્ટાર્સની પર્સનલ લાઈફમાં હસ્તક્ષેપ કરતો હતો. તેને કેટલાય ફિલ્મી સ્ટાર્સ સાથે જોવા મળ્યો હતો. વર્ષો સુધી કેટલીય બોલીવુડ એક્ટ્રેસ સાથે તેને અફેયરની ચર્ચા છવાયેલી રહી હતી. ફિલ્મ રામ તેરી ગંગા મૈલીથી લોકપ્રિય થયેલી મંદાકિનીનું નામ દાઉદ ઈબ્રાહિમ સાથે જોડાયું હતુ. કહેવાય છે કે તે ડોનની ગર્લફ્રેન્ડ હતી. જેના કારણે એક્ટ્રેસની છબી દર્શકોની વચ્ચે ખરાબ થઈ. મંદાકિનીએ દાઉદ સાથે પોતાના અફેરને ખોટી વાત ગણાવી હતી. પણ આ અફવાઓએ તેના કરિયર પર ખરાબ અસર પાડી. દાઉદ સાથે મંદાકિનીની તસવીર વાયરલ થયા બાદ તેનું કરિયર સતત નીચે પડતું ગયું. વર્ષ ૧૯૯૬માં ફિલ્મ જોરદારની રીલિઝ બાદ એક્ટ્રેસ અચાનક ફિલ્મ ઈંડસ્ટ્રીમાંથી ગાયબ થઈ. તેણે બૌદ્ધ ધર્મ અપનાવ્યા બાદ ૧૯૯૦માં એક મોક સાથે લગ્ન કરી લીધા. તે હવે યોગ શિખવાડે છે અને દલાઈ લામાની ભક્ત છે. પાકિસ્તાની એક્ટ્રેસ અનીતા અયૂબનું નામ પણ દાઉદ ઈબ્રાહિમ સાથે જોડાયું હતું. લોકો તેને દાઉદની ગર્લફ્રેન્ડ કહેતા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બોલીવુડ ફિલ્મ પ્યાર કા તરાના ફેમ એક્ટ્રેસ ડોનની વિશ્વાસપાત્ર હતી. જો કે, આ અફવાઓએ એક્ટ્રેસની પર્સનલ લાઈફ પર ખરાબ અસર પાડી. જ્યારે ફિલ્મકાર જાવેદ સિદીકીએ અનીતા અયૂબે પોતાની ફિલ્મમાં કાસ્ટ કરવાની ના પાડી દીધી હતી, તો તેણે દાઉદ ઈબ્રાહિમના માણસે ગોળી મારી દીધી હતી. પાકિસ્તાની ફેશન મેગ્ઝીન ફૈશલ સેન્ટ્રલના રિપોર્ટ અનુસાર, અનીતા ૧૯૯૩માં મુંબઈ બોમ્બ બ્લાસ્ટમાં સામેલ હતી. વીરાના ફિલ્મથી લોકપ્રિય થયેલી એક્ટ્રેસ જૈસ્મીન ધુન્નાએ ક્યારેય દાઉદ ઈબ્રાહિમને ડેટ નથી કર્યો, પણ કહેવાય કે ડોન આ એક્ટ્રેસની તરફ આકર્ષિત હતો. જૈસ્મીને ૧૯૭૯ની ફિલ્મ સરકારી મેહમાનથી ડેબ્યૂ કર્યું હતું. તે ૧૯૮૮માં વીરાનાની રિલીઝ બાદ રાતોરાત સ્ટાર બની ગઈ હતી, પણ આ ફિલ્મ બાદ તે ફિલ્મજગતમાંથી અચાનક ગાયબ થઈ ગઈ હતી. દાઉદ અને તેના માણસોથી જૈસ્મીન કંટાળી ગઈ હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેણે કંટાળીને દેશ છોડી દીધો હતો. હવે ક્યાં અને કેવી હાલતમાં છે, કદાચ કોઈ નથી જાણતું.



# પ્રિયંકા ચોપરાને ફિલ્મોમાંથી હાંકી કાઢતાં ડાયરેક્ટર

ખરેખર, અમે અહીં જે હિરોઈન વિશે વાત કરી રહ્યા છીએ તેને ખરેખર આજે કોઈ પરિચયની જરૂર નથી. તે નોન-ફિલ્મી બેકગ્રાઉન્ડમાંથી આવે છે અને તેના ટેલેન્ટ અને સખત મહેનતના દમ પર એક મોટી સ્ટાર બની છે. ભલે તેણે ૨૦૦૦માં મિસ વર્લ્ડનો ખિતાબ જીત્યો, પરંતુ સફળતા તેના માટે સરળ ન હતી. એક્ટ્રેસ હંમેશા તેના સંઘર્ષ અને યાત્રા વિશે અવાજ ઉઠાવતી રહી છે. આ એક્ટ્રેસને ઘણી વખત ખૂબ જ મુશ્કેલ સમયનો સામનો કરવો પડ્યો હતો જ્યારે ડાયરેક્ટર્સ તેના પર બૂમો પાડતા હતા અને તેને ફિલ્મોમાંથી બહાર હાંકી નાંખતા હતા. પરંતુ તેણે હાર માની નહીં, તે મજબૂત બની અને તે પોતાની ભૂલોમાંથી શીખી.

હવે, તે ઘણી મહિલાઓ માટે પ્રેરણા છે અને ફિલ્મ નિર્માતાઓ માટે પ્રથમ પસંદ છે, જે દર્શાવે છે કે સખત મહેનતથી સપના સાકાર થઈ શકે છે. અને એ હિરોઈનનું નામ છે પ્રિયંકા ચોપરા. જી હા, તે પ્રિયંકા ચોપરા જ છે જેણે લાંબા સમય સુધી સંઘર્ષ કર્યો છે. વોગ ઈન્ડિયા સાથેના એક નવા ઈન્ટરવ્યુમાં પ્રિયંકા ચોપરાએ કહ્યું, 'હું કોઈ વસ્તુ કે કોઈને જાણતી નહોતી. ડાયરેક્ટરોએ મારા પર બૂમો પાડી, મને ફિલ્મોમાં ટાળી દેવામાં આવી, મને ફિલ્મોમાંથી બહાર ફેંકી દેવામાં આવી. એક્ટ્રેસ કહે છે કે આટલી બધી મુશ્કેલીઓનો સામનો કર્યા બાદ મેં મારો આત્મવિશ્વાસ વધાર્યો છે.

હું શીખી કે નિષ્ફળતા પછી તમે જે કરો છો તે જ તમને સફળ બનાવે છે. પ્રિયંકા ચોપરાએ તાજેતરમાં JIO MAMI મુંબઈ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૩માં હાજરી આપી હતી, જ્યાં તે એક માસ્ટર ક્લાસ સેશન માટે એક્ટ્રેસ ભૂમિ પેડનેકર સાથે સામેલ થઈ હતી. તેણે વાતચીતમાં, એક ઉદાહરણ શેર કર્યું જ્યાં એક મેલ કો-સ્ટારે સીન અને ફિલ્મ પર હાવી થવાનો પ્રયાસ કર્યો. પ્રિયંકાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તે આવા બદમાશીભર્યા વર્તનને સમર્થન આપતી નથી અને તેમાં સામેલ ન થવાનું પસંદ કરે છે. એક્ટ્રેસે કહ્યું, 'મારી સાથે આવું થયું... શૂટિંગ બંધ થઈ ગયું... તે એકાલાપ હતો... હું તે વ્યક્તિનું નામ નહીં જણાવું...જો તમે અનુમાન લગાવી શકો છો... તે એક્ટરનો એક એકાલાપ હતો કે તેને મારા વિશે કેવું લાગે છે. પણ તેણે મારી સામે જોવાની પણ તસદી ન લધી.



# આરાધ્યા બચ્ચને અબરામ ખાનને જાદુની ઝપ્પી આપી

ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલમાં હાલમાં એન્યુઅલ ડે ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં મોટાભાગની સેલિબ્રિટીઝ અને એમના બાળકો પરફોર્મ કરતા જોવા મળ્યા હતા. શાહરુખ ખાનના દિકરા અબરામ અને ઐશ્વર્યા રાય બચ્ચનની દીકરી આરાધ્યા સહિત અનેક સ્ટાર્સકિડ્સે લોકોનું ધ્યાન ખેંચ્યુ હતુ. આ તસવીરો અને વિડીયો હાલમાં સોશિયલ મિડીયામાં ખૂબ વાયરલ થઈ રહ્યા છે. જો કે હાલમાં આરાધ્યા અને અબરામનો એક વિડીયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે. આ વિડીયો જોઈને ફેન્સ વખાણ કરી રહ્યા છે. ઈન્ટરનેટ પર વાયરલ થયેલો આ વિડીયો તમે પણ એક વાર જોશો તો તમને ઐશ્વર્યા અને શાહરુખના પોઝની યાદ આવી જશે. આ વિડીયોમાં તમે કિડ્સનો જોલી મુડ જોઈ શકો છો. વાત જાણે એમ છે કે ડાન્સ દરમિયાન આરાધ્યા બચ્ચને અબરામને ગળે મળી હતી. આ વિડીયોએ હાલમાં સોશિયલ મિડીયામાં ધૂમ મચાવી દીધી છે. આ વિડીયો પર લોકો જાતજાતની કોમેન્ટ્સ કરી રહ્યા છે. આ વિડીયોમાં એક સોશિયલ મિડીયા યુઝરે કોમેન્ટ કરી છે કે શાહરુખ ખાને ૯ વર્ષ પહેલાં કહ્યું હતુ કે અબરામ અને આરાધ્યા સ્ક્રીન કપલ પ્લે કરી શકે છે, પરંતુ અહીંયા તો ભાઈ-બહેનની ફિલીંગ આવી રહી છે. જ્યારે બીજા એક યુઝર્સે કમેન્ટ કરી કે..કેટલો ક્યૂટ વિડીયો છે. જ્યારે ઘણાં લોકોએ અબરામ અને આરાધ્યા સુપર ક્યૂટ પણ કહ્યા છે. આ વિડીયો જોયા પછી ફેન્સને જોશ મુવીની યાદ આવી ગઈ છે.



# એનિમલ ફિલ્મે ડોમેસ્ટિક બોક્સ ઓફિસ પર ૫૦૦ કરોડની ક્લબમાં સ્થાન મેળવ્યું

રણબીર કપૂરની ફિલ્મ 'એનિમલ' એ વધુ એક રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. આ ફિલ્મે ડોમેસ્ટિક બોક્સ ઓફિસ પર ૫૦૦ કરોડની કમાણી કરી લીધી છે. રણબીર કપૂરના કરિયરની અત્યાર સુધીની આ પહેલી ફિલ્મ છે જેણે આ રેકોર્ડ બનાવ્યો છે.

આ પહેલા કોઈ ફિલ્મે આ સિદ્ધિ મેળવી નથી. આ સાથે 'એનિમલ' ડોમેસ્ટિક બોક્સ ઓફિસ પર રૂ. ૫૦૦ કરોડના ક્લબમાં પ્રવેશનારી આ વર્ષની ચોથી ફિલ્મ બની છે. સકનિલ્કના રિપોર્ટ અનુસાર, 'એનિમલ' ૧૭માં દિવસે કલેક્શન સાથે ૫૦૦ કરોડનો આંકડો પાર કરી લીધો છે. જો શરૂઆતના અહેવાલોનું માનીએ તો, જ્યારે ફિલ્મે ૧૬માં દિવસે ૧૨.૮ કરોડ રૂપિયાની કમાણી કરી હતી, તો ત્રીજા રવિવારે પણ ફિલ્મે ૧૫.૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે. ૧૭ દિવસની કમાણી સાથે 'એનિમલ'નું કુલ કલેક્શન ૫૧૨.૯૪ કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે. એનિમલ આ વર્ષની ચોથી ફિલ્મ છે જેણે ૫૦૦ કરોડનો આંકડો પાર કર્યો છે.

આ પહેલા 'જવાન' (૬૪૦.૨૫ કરોડ), 'ગદર ૨' (૫૨૫.૭ કરોડ) અને 'પઠાણ' (૫૪૩.૦૯ કરોડ) આ રેકોર્ડ બનાવી ચૂકી છે. નોંધનીય છે કે રણબીર કપૂરની આ ફિલ્મે ડોમેસ્ટિક બોક્સ ઓફિસ પર રૂ. ૫૦૦ કરોડની ક્લબમાં સ્થાન મેળવ્યું છે, ત્યારે તેણે વિશ્વભરમાં રૂ. ૮૦૦ કરોડથી વધુની કમાણી કરી છે. રણબીર કપૂરની ફિલ્મ 'એનિમલ' તેના કરિયરની અત્યાર સુધીની સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ બની ગઈ છે. ફિલ્મમાં રણબીર કપૂરની સાથે અનિલ કપૂર, બોબી દેઓલ, રશ્મિકા મંદન્ના અને તૃપ્તિ ડિમરી મહત્વની ભૂમિકામાં જોવા મળે છે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં

# 'ગુજરાતી જાગરણ' ન્યૂઝ વેબસાઈટ દ્વારા આયોજિત જેમ્સ ઓફ ગુજરાત કોન્ક્લેવ એન્ડ એવોર્ડ્સ સમારોહ યોજાયો



**। અમદાવાદ, તા.૨૦ ।**

અમદાવાદ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં દૈનિક જાગરણ ગૃપના 'ગુજરાતી જાગરણ' ન્યુઝ વેબસાઈટ દ્વારા જેમ્સ ઓફ ગુજરાત કોક્લેવ એન્ડ એવોર્ડ્સ સમારોહ યોજાયો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર લોકોને એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા. મુખ્યમંત્રીશ્રીએ સૌ લોકોને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સૌ પ્રથમ 'જાગરણ ગુજરાતી'ને એક વર્ષ પૂર્ણ થવા બદલ અભિનંદન આપ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'વાઈબ્રન્ટ ગુજરાત' થકી વેપાર ઉદ્યોગ માટે ગ્લોબલ પ્લેટફોર્મ પૂરું પાડ્યું ત્યારે આગામી દિવસોમાં વાઈબ્રન્ટની ૧૦મી કડી કરવા જઈ રહ્યા છીએ તે ગૌરવની વાત છે. વધુમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૨૦૦૩માં વાવેલું વાઈબ્રન્ટ ગુજરાત આજે વટવૃક્ષ બની ગયું છે અને તેનું ફળ આપણને મળી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેરતાં કહ્યું હતું કે, 'મેક ઈન ઈન્ડિયા', 'સ્ટાર્ટ અપ ઈન્ડિયા' થકી યુવાઓને પ્લેટફોર્મ મળ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં આજે અનેક ક્ષેત્રે વિકાસ થઈ રહ્યો છે એવું તેમણે ઉમેર્યું હતું.

ગુજરાતની વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, આજે દેશમાં સૌથી વધુ રોજગારી આપતું રાજ્ય ગુજરાત છે. આ પ્રસંગે જાગરણ ન્યુ મીડિયાના સીઈઓ શ્રી ભરત ગુપ્તા, સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ શ્રી રાજેશ ઉપાધ્યાય, ગુજરાતી જાગરણના સિનિયર એડિટર શ્રી જીવણ કપુરિયા તથા વિવિધ ક્ષેત્રના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# સુરત શહેર પોલીસ કમિશનર અજય તોમરના અધ્યક્ષસ્થાને શહેર રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠક યોજાઈ




**। સુરત, તા.૨૦ ।**

શહેરમાં અકસ્માતોનું પ્રમાણ ઘટે તથા ટ્રાફિક નિયમન જળવાય તેવા આશયથી સુરત શહેર રોડ સેફટી કાઉન્સિલની બેઠક પોલીસ કમિશનરશ્રી અજયકુમાર તોમરના અધ્યક્ષ-સ્થાને યોજાઈ હતી. જેમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

બેઠકમાં પોલીસ કમિશનરશ્રીએ સમગ્ર મહાનગરપાલિકા વિસ્તારમાં નવા ટ્રાફિક સિગ્નલો સત્વરે લગાડવા તેમજ ચાલુ સિગ્નલોની મરામત કરવાની તાકીદ કરી હતી. બેઠકમાં રખડતા ઢોર બાબતે મહાનગરપાલિકા દ્વારા નવેમ્બર અને ડિસેમ્બર માસ દરમિયાન ૧૨૪૯ પશુઓને પકડી પાંજરાપોળમાં મુકવામાં આવ્યા છે, તેમજ રૂ.૧૫લાખથી વધુના દંડની પણ વસુલાત કરવામાં આવી હોવાની વિગતો પાલિકાના અધિકારીએ આપી હતી. આ ઉપરાંત રોડ પર સાઈન બોર્ડ લગાવવા, ઝિબ્રા ક્રોસિંગ, સ્ટોપ લાઈન તથા રબ સ્ટ્રીપ બનાવવાની કામગીરી સમયસર થાય એ બાબતે જે તે વિભાગના અધિકારીઓને સુચના આપી હતી. પોલીસ દ્વારા છેલ્લા ૧૧ મહિનામાં ૫૬૦ ડ્રિંક એન્ડ ડ્રાઈવના કેસો કરવામાં આવ્યા છે. છેલ્લા એક મહીનામાં ૧૪ કેસો કરવામાં આવ્યા છે. ડુમસ રોડ પર મહાનગરપાલિકાના દ્વારા આપવામાં આવેલ પે એન્ડ પાર્કના ઈજારદારોને પાર્કિંગના બોર્ડ મૂકવા, શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓમાં ટ્રાફિક નિયમન સ્પર્ધાઓ-કાર્યક્રમો યોજવા ઉપરાંત આર.ટી.ઓ દ્વારા ડ્રિંક એન્ડ ડ્રાઈવના કેસમાં વાહનચાલકોને લાયસન્સ સસ્પેન્ડ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હોવાની વિગતો આપી હતી. શનિ-રવિવારના દિવસો દરમિયાન ડુમસ રોડ પર ખાણી-પીણીની લારીઓના કારણે થતી ટ્રાફિક સમસ્યાની સ્થિતિ નિવારવા માટે પાલિકાના અધિકારીઓ સાથે રહીને કાર્યવાહી કરવા જણાવ્યું હતું.

બેઠકમાં જોઈન્ટ પો. કમિશનરશ્રી એચ.આર.ચૌધરી, ટ્રાફિક એસીપી એમ.એસ.શેખ, ઈ.પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી આકાશ પટેલ, હાઈવે ઓથોરિટી, એસ.ટી., માહિતી વિભાગ, મહાનગરપાલિકાના વિવિધ ઝોનના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.







**ભરતભાઈ એ. પંડ્યા દિવડા કોલોની, તા.૨૦**

આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના માર્ગદર્શન અને માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી ના નેતૃત્વ હેઠળ કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવાના ઉત્તમ અભિગમ સાથે આપણો સંકલ્પ વિકસિત ભારત હેઠળ આજરોજ કડાણા તાલુકાના કડાણા ગામે વિકાયાત્રામાં જિલ્લા પ્રમુખ શ્રી દશરથભાઈ બારીયા, તાલુકા સંઘ પ્રમુખ શ્રી જેન્તીભાઈ પટેલ, જિલ્લા ઉપ પ્રમુખ શ્રી ભગવતસિંહ, તાલુકા મહામંત્રી શ્રી કે. પી.ડામોર, શ્રી વિજયભાઈ સેવક, તાલુકા પ્રમુખ શ્રી મંગુબેન, તેમજ શ્રી પોપટભાઈ ડિંડોર, સરપંચ સંઘના પ્રમુખ શ્રી વેચાતભાઈ, રણછોડભાઈ, પ્રવીણભાઈ તેમજ કડાણા તાલુકાના સરપંચ શ્રી જેન્તીભાઈ એમ. પ્રજાપતિ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસથિત રહ્યા હતા.

### દસ્ક્રોઈ તાલુકાના ઊંદ્રેલ ગામ ખાતે

# ધારાસભ્ય બાબુભાઈ જાદવની ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન



**। અમદાવાદ, તા.૨૦ ।**

ધારાસભ્ય શ્રી બાબુભાઈ જાદવની ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ અમદાવાદ જિલ્લાના દસ્કોઈ તાલુકાના ઊંદ્રેલ ગામ ખાતે પહોંચ્યો હતો. વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથ સમગ્ર ભારતભરમાં ફરીને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ વિશે લોકોને માહિતી પૂરી પાડી રહ્યાં છે. આ યોજનાઓના લાભ હેઠળ સમગ્ર દેશના તમામ જિલ્લા અને તાલુકાઓમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

ઊંદ્રેલ ગામના કુલ ૯૨૯ લોકોની હાજરીમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા હેઠળ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સ્થળ પર હાજર ૬૫૨ લોકોના આરોગ્યની અને ટીબીની તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત 'માય ભારત' હેઠળ ૨૦ સ્વયંસેવકોના રજીસ્ટ્રેશન કરવામાં આવ્યા હતા. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ લોકોને લાભ વિતરણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત મહિલાઓ, વિદ્યાર્થીઓ, લોકલ રમતવીરો અને લોકલ કલાકારોને તેમના ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે એવોર્ડ આપવામાં આવ્યા હતા. 'મેરી કહાની, મેરી જુબાની' હેઠળ ૩ લાભાર્થીઓએ પોતાના અનુભવો લોકો સમક્ષ રજૂ કર્યા હતા અને ત્યારબાદ સમગ્ર ગામવાસીઓએ વિકસિત ભારત માટે સંકલ્પ લીધો હતો. સોઈલ હેલ્થ કાર્ડનું પ્રદર્શન યોજી પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતો દ્વારા પોતાના પ્રાકૃતિક કૃષિને લગતા અનુભવો ઉપર ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, ૧૦૪ લોકોના આયુષ્માન કાર્ડ બનાવી તેમાંથી ૩૫ લોકોને આયુષ્માન કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઊંદ્રેલ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડ્રોન નિદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. 'ધરતી કહે પુકાર કે' નુક્કડ નાટક દ્વારા ઊંદ્રેલ ગામના લોકોને પ્રાકૃતિક ખેતીની સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંત ભાગમાં ગામના સૌ કોઈએ વિકસિત ભારતનો સંકલ્પ લીધો હતો. આ કાર્યક્રમમાં અમદાવાદ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રી કાંતિજી ઠાકોર, અમદાવાદ જિલ્લા પંચાયતના ડેપ્યુટી ડીડીઓ શ્રી અમિતભાઈ પટેલ, દસક્રોઈ તાલુકા પંચાયતના પદાધિકારીઓ, વિવિધ સરકારી વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ અને ઊંદ્રેલ ગામના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# સૂર્ય નમસ્કાર તાલુકા કક્ષાની સ્પર્ધા તા.૨૩-૧૨-૨૩ ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે યોજાશે

### સૂર્ય નમસ્કાર જીલ્લા કક્ષાની સ્પર્ધા કિશાન માધ્યમિક વિદ્યાલય લુણાવાડા ખાતે તા. ૨૬-૧૨-૨૦૨૩ ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે યોજાશે





**। મહીસાગર, તા.૨૦ ।**

ગુજરાત સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર તથા ગુજરાત રાજય યોગ બોર્ડ ગાંધીનગર દ્વારા આયોજિત જીલ્લા રમત ગમત અધિકારીની કચેરી મહીસાગર સંચાલિત સૂર્ય નમસ્કાર સ્પર્ધા સમગ્ર મહીસાગર જીલ્લામાં તા.૧૯/૧૨/૨૦૨૩ ના રોજ તમામ શાળાઓમાં યોજાઈ ગઈ. જેમાં ૯ વર્ષથી ૧૮ વર્ષ , ૧૯ વર્ષથી ૪૦ વર્ષ તેમજ ૪૧ વર્ષથી ઉપરના સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

સૂર્ય નમસ્કાર તાલુકા કક્ષાની સ્પર્ધાના લુણાવાડા તાલુકામાં શ્રીમહાત્મા ગાંધી વિદ્યા મંદિર મલેકપુર, બાલાશિનોર તાલુકામાં શ્રી એલ કે આર હાઈસ્કુલ જેઠોલી, સંતરામપુર તાલુકામાં શ્રી શારદા વિદ્યાલય કાળીબેલ, કડાણા તાલુકામાં ઈ એમ આર એસ કડાણા, ખાનપુર તાલુકામાં શ્રીમતિ ડી વી.પટેલ હાઈસ્કુલ બોરવાઈ, વિરપુર તાલુકામાં દેસાઈ સી એમ હાઈસ્કૂલ વિરપુર માં તા.૨૩/૧૨/૨૦૨૩ ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે યોજાશે.

સૂર્ય નમસ્કાર નગરપાલિકાકક્ષાની સ્પર્ધા લુણાવાડા નગરપાલિકામાં પંચશીલ ગર્લ્સ હાઈસ્કુલ, સંતરામપુર નગરપાલિકામાં જે એચ મહેતા હાઈસ્કૂલ, બાલાશિનોર નગર પાલિકામાં શેઠ ઓચ્છવલાલ હાઈસ્કુલમાં ૨૩/૧૨/૨૦૨૩ ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે યોજાશે અને સૂર્ય નમસ્કાર જીલ્લા કક્ષાની સ્પર્ધા કિશાન માધ્યમિક વિદ્યાલય લુણાવાડા ખાતે તા. ૨૬/૧૨/૨૦૨૩ ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે યોજાશે.





**ભરતભાઈ એ. પંડ્યા દિવડા કોલોની, તા.૨૦**

કડાણા તાલુકાના કડાણા ગામે કે. વી.એસ. હાઈસ્કૂલ ખાતે આનંદમેળા નું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ માં મહીસાગર જિલ્લા પ્રમુખ શ્રી દશરથભાઈ બારીયા તથા ગામના અનેક આગેવાનો, નિવૃત્ત કર્મચારીઓ, વડીલોએ મોટી સંખ્યામાં હાજરી આપી વિદ્યાર્થીઓ ની પ્રવૃત્તિઓ બિરદાવી હતી.આચાર્યશ્રી ઈન્દ્રજીતસિંહ ચૌહાણ તેમજ સ્ટાફ મિત્રોના માર્ગદર્શન હેઠળ બાળકોએ સુંદર આયોજન કરેલ હતું.

# પૂર્ણાશક્તિના પેકેટથી વિવિધ પોષણયુક્ત વાનગીઓ જાતે બનાવીને આરોગુ છું : મુસ્કાન મકરાણા

**। સુરત, તા.૨૦ ।**

પૂર્ણાશક્તિ યોજના થકી કિશોરીઓના સ્વાસ્થ્યની કાળજી લઈ આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા આંગણવાડી કાર્યકર બહેનોને નિરંતર પ્રોત્સાહિત કરવામાં આવે છે. આંગણવાડીની બહેનો પણ પૂર્ણાશક્તિના પેકેટ થકી ૧૮ વર્ષ સુધીની કિશોરીઓને શીરો, સુખડી, થેપલા સહિતની પૌષ્ટિક અને સ્વાદિષ્ટ વાનગીઓ તૈયાર કરવાની રીત શીખવાડીને તેને આરોગી સ્વસ્થ જીવન જીવવા માટે પ્રેરિત કરી રહી છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રા જેતપોર ખાતે પહોંચતા પૂર્ણાશક્તિની લાભાર્થી કુ. મુસ્કાન મકરાણા મેરી કહાની, મેરી જુબાની હેઠળ ગ્રામજનો સમક્ષ પૂર્ણાશક્તિથી થયેલ ફાયદા વિશે જણાવે છે કે, આંગણવાડીમાં નોંધણી થયા બાદ દર માસે મારુ વજન, ઉંચાઈ અને હિમોગ્લોબિન ચેક કરવામાં આવે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે નિરાશાવાદી અભિગમ ટાળવો જોઈએ કારણ કે તે તમારી શક્યતાઓને ન માત્ર ન્યૂનતમ કરશે બલ્કે તમારા શરીરની સંવાદિતામાં પણ ખલેલ પહોંચાડશે. બેંકને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. તમને એકલવાયું લાગે ત્યારે તમારા પરિવારની મદદ લો. એ તમને હતાશાથી બચાવશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે સાંજે થોડીક હળવાશ માણો. દિવસ ની શરૂઆત ભલે સારી હોય પરંતુ સાંજે કોઈ કારણસર તમારા પૈસા ખર્ચાઈ શકે છે જેના લીધે તમે પરેશાન થયી શકો છો? એકબીજાના દૃષ્ટિકોણ સમજીને તમારી વ્યક્તિગત સમસ્યાઓને ઉકેલો.તેમને જાહેરમાં ન લાવો અન્યથા તમારી પ્રતિષ્ઠાને હાનિ થવાની શક્યતાઓ વધુ છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો. અંગત અને ગોપનીય હોય તેવી માહિતી કોઈને જણાવતા નહીં. આજે તમે પ્રેમાળ મૂડમા હશો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. આજે રોમાન્સ માટે ગૂંચવણભર્યું જીવન છોડો. દિવાસ્વપ્નો જોવાથી તમારી પડતી થશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. નાના બાળકો તમને વ્યસ્ત રાખશે તથા આનંદ લાવશે. કોઈકની દખલને કારણે તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધો વણસી શકે છે. રચનાત્મક તથા તમારા જેવા જ વિચારો ધરાવતા લોકો સાથે હાથ મેળવો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમે તમારી લાંબા ગાળાની બીમારી સામે લડી રહ્યા હો ત્યારે એ વાત સમજો કે પોતાની જાત પર વિશ્વાસ વીરત્વનો સાર છે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમને જેના પર વિશ્વાસ છે તે કદાચ તમને આખું સત્ય નથી જણાવી રહ્યા.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમને તમારા ટૅન્શનમાંથી મુક્તિ મળે એવી શક્યતા છે. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપ ાવશે. ચિંતા ન કરતા આજે તમારા દુઃખ બરફની જેમ ઓગળી જશે. આજે તમને છૂપો શત્રુ મળશે તેને તમને ખોટા પાડવાનું ગમશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે રમૂજી સંબંધીઓનો સાથ તમારી તાણ ઘટાડશે તથા તમને જેની જરૂર છે એવી નિરાંત તમને આપશે. આવા સંબંધીઓ મેળવવા બદ્દલ તમે નસીબદાર છો. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. માતા-પિતાની તબિયતમાં સુધારો થશે અને તેઓ તમારા પર પ્રેમની વર્ષા કરશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. જો તમે આજે આજે પ્રેમ કરવાની તક નહીં ગુમાવો તો, આ દિવસ તમે તમારા આખા આયુષ્યમાં નહીં ભૂલી શકો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે આજે ધાર્મિક તથા આધ્યત્મિક બાબતોમાં રસ લેવા માટે પણ સારો દિવસ છે. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. તમારા માતા-પિતા સાથે તમારી ખુશી વહેંચો. તેમની એકલાપણા તથા હતાશાની લાગણીને ડૂંસી નાખી તેમને લાગવા દો કે તેમનું મહત્વ છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. અનિચ્છીત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે જેને તમે આવતા મહિને કરવાનું વિચાર્યું હતું? તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે સ્વાસ્થ્યની દૃષ્ટિએ આ સમયગાળો ખરાબ રહેશે આથી તમે શું ખાવ-પીઓ છો તે અંગે સાવચેત રહેજો. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. ઘરમાં કોઈક વિધી અથવા મંગળ સંસ્કાર થવા જોઈએ. આશ્ચર્ય પમાડનારો સંદેશ તમને સારાં સપનાં આપશે.




અમદાવાદમાં છેલ્લા બે દિવસથી વાતાવરણ વાદળછાયું છે. જેના કારણે થંડીનું પ્રમાણ વધી ગયેલ છે. ઠંડીથી બચવા લોકો તાપણાનો સહારો લઈ રહ્યા છે.

## ૧૯ માર્ચ ૨૦૨૪ સુધી અસારવા-જયપુર એક્સપ્રેસ અને અસારવા-ઈન્દોર એક્સપ્રેસ ટ્રેનો સરદારગ્રામ સ્ટેશન પર રોકાશે નહીં

। અમદાવાદ, તા.૨૦ ।

પશ્ચિમ રેલવે દ્વારા અસારવા-જયપુર એક્સપ્રેસ અને અસારવા-ઈન્દોર એક્સપ્રેસ ટ્રેનોનું સરદાર ગ્રામ સ્ટેશન પર સ્ટોપેજ ટેક્નિકલ કારણોસર તત્કાળ અસર થી ૧૯ માર્ચ ૨૦૨૪ સુધી અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવ્યું છે. જે આ મુજબ છે:

ટ્રેન નં.૧૨૯૮૨/૧૨૯૮૧ અસારવા-જયપુર-અસારવા એક્સપ્રેસ અને ટ્રેન નં.૧૯૩૧૫/૧૯૩૧૬ ઈન્દોર અસારવા ઈન્દોર એક્સપ્રેસ ટ્રેનોનું સ્ટોપેજ સરદારગ્રામ સ્ટેશન પર ૨૦ ડિસેમ્બર ૨૦૨૩ થી ૧૯ માર્ચ ૨૦૨૪ સુધી અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવ્યું છે.

ટ્રેનોના પરિચાલન સમય, સ્ટોપેજ અને ટ્રેનની સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રીઓ www.enquiry.indianrail.gov.in પર જોઈ શકે છે.

### તંત્રએ લગાવેલા આ બોર્ડ વાહન ચાલકો માટે મુંઝવણ ઉભી કરી રહ્યાં છે

# અમદાવાદ શહેરમાં ગતિ મર્યાદાનાં બોર્ડમાં વિસંગતતા સામે આવી

। અમદાવાદ, તા.૨૦ ।

અમદાવાદ શહેર ખૂબ જ ઝડપથી વિકસી રહ્યું છે. અને વિકસતા અમદાવાદ માટે ટ્રાફિક અને અકસ્માતનો પ્રશ્ન મોટો પડકાર બની ગયો છે. કારણકે અમદાવાદ શહેરમાં અકસ્માતોની ઘટનાઓ પણ સતત વધી રહી છે. જોકે અકસ્માતોને ઘટાડવા માટે તંત્ર દ્વારા શહેરના હાઈવે પર ગતિ મર્યાદા દર્શાવતા બોર્ડ લગાવી વાહનોની ગતિને નિયંત્રણમાં રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પરંતુ હવે તંત્રએ લગાવેલા આ બોર્ડ વાહન ચાલકો માટે મુંઝવણ ઉભી કરી રહ્યાં છે. કારણકે એક જ હાઈવે પર થોડા થોડા અંતરે અલગ અલગ ગતિ મર્યાદા દર્શાવતા બોર્ડ જોવા મળી રહ્યાં છે. શહેરના SP રિંગરોડ પર લગાવવામાં આવેલા આ બોર્ડમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, ભારે વાહનો માટે ગતિ મર્યાદા ૪૦ કિમી પ્રતિ કલાક દર્શાવવામાં આવી છે. જ્યારે ફોરવ્હિલર માટે ૬૦ કિમી પ્રતિ કલાક તેમજ રિક્ષા માટે ૩૦ કિમી પ્રતિ કલાક જ્યારે ટૂવ્હિલર માટે ૪૦ કિમી પ્રતિ કલાક ગતિ મર્યાદા દર્શાવવામાં આવી છે. પરંતુ આ બોર્ડથી થોડે જ દૂર નજર




કરતા અહીં ૮૦ કિમી પ્રતિ કલાકની ગતિ મર્યાદા દર્શાવતો બોર્ડ લગાવવામાં આવ્યો છે. આ પ્રકારના બોર્ડ માત્ર આ એક જ સ્થળે નહીં પરંતુ અનેક સ્થળોએ જોવા મળી રહ્યાં છે. અને આ બોર્ડને કારણે વાહન ચાલકો પણ ગતિ મર્યાદાને લઈને મૂંઝવણમાં મુકાયા છે. આ પ્રકારે વિસંગતતા ધરાવતા બોર્ડ લગાવીને તંત્ર શું કહેવા માગે છે તે મોટો સવાલ છે. ત્યારે હવે તંત્ર ક્યારે જાગશે અને ક્યારે બોર્ડની આ વિસંગતતા દૂર કરશે તે જોવું રહ્યું. આ બાબતે વાહન ચાલકે જણાવ્યું હતું કે, સ્પીડ લીમિટ એરિયા વાઈઝ રાખવી જોઈએ. સીટીની અંદર સ્પીડ ઓછી હોય તો સારૂ રહે જેથી અકસ્માત સર્જાવાનો ભય ઓછો રહે છે. હાઈવે પર ખાલી જગ્યા હોય તો સ્પીડ ૬૦ થી ૭૦ સુધી ચાલી જાય છે.

### કડી છત્રાલ રોડ પર આવેલ એક ખાનગી કંપનીની ઘટના

# ખાનગી કંપની દ્વારા ક્લોરિન ગેસ છોડવામાં આવતા ૬ કામદારોને તેની અસર થઈ

। કડી, તા.૨૦ ।

મહેસાણામાં કડી છત્રાલ રોડ પર આવેલ એક ખાનગી કંપની દ્વારા ક્લોરિન ગેસ છોડવામાં આવતા ૬ કામદારોને તેની અસર થઈ છે. કંપનીએ ક્લોરિન ગેસ છોડવાને લઈ બાજુમાં રહેલી ખાનગી કંપનીમાં એક બાદ એક કામદારોને ઉલટી થવા લાગી હતી. બાદમાં શ્રમિકોને હોસ્પિટલમાં ખસેડવા પડ્યા હતા. નજીકની કંપનીએ આરોપ લગાવ્યો છે કે, આ સમસ્યા રોજની થઈ છે અને જેને લઈ તેઓ પરેશાન છે.કડી છત્રાલ રોડ પર આવેલ એક ખાનગી કંપનીના ક્લોરિન ગેસને લઈ બાજુમાં રહેલી અન્ય કંપનીના કામદારોને તેની અસર થઈ હતી. સાંજના સમયે ખાનગી કંપનીએ ક્લોરિન ગેસ હવામાં છોડવાની ફરિયાદ પાસેની કંપનીના માણસો દ્વારા ઉઠાવાઈ હતી. જેને લઈ કંપનીના માલિકને પણ જાણ કરવામાં આવી હતી.આમ છતાં પણ ગેસ હવામાં છોડવામાં આવતા, છ જેટલા કામદારોને અસર પહોંચી હતી. એક બાદ એક છ જેટલા શ્રમિકાનો ઉલટી થવા લાગી હતી. જેને લઈ તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવા પડ્યા હતા. અનેકવાર રજૂઆત કરવા છતાં પણ ક્લોરિન હવામાં છોડવામાં આવતો હોવાને લઈ અન્ય કંપનીના શ્રમિકોમાં રોષ ફેલાયો હતો.

### બોપલની એચડીએફસી બેંકમાં ૧૯ જેટલી ૫૦૦ના દરની નકલી નોટા જમા કરાવી

# એટીએમ કેશ ડિપોઝિટ મશીનમાં નકલી નોટો ઘુસાડવાના ષડયંત્રનો પર્દાફાશ થયો

## પોલીસે ગુનો નોંધી સીસીટીવીનાં આધારે તપાસ કરતા ખાતાધારક અલ્પિત ગજ્જરનું નામ સામે આવ્યું હતું

। અમદાવાદ, તા.૨૦ ।

બેંકના એટીએમ કેશ ડિપોઝિટ મશીનમાં નકલી નોટો ઘુસાડવાના ષડયંત્રનો પર્દાફાશ થયો છે. ગ્રામ્ય SOG એ મશીનનાં નકલી નોટો જમાં કરાવનાર યુવકની ધરપકડ કરી છે. નકલી નોટોના રેકેટમાં પકડાયેલ આરોપી હાઈ પ્રોફાઈલ લાઈફ સ્ટાઈલથી નકલી નોટોના નેટવર્ક સાથે જોડાયો હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી છે. પોલીસે અલ્પીત ગજ્જરની નકલી નોટોના કેસમાં ગ્રામ્ય એસઓજીએ ધરપકડ કરી છે.

૧૨ ડિસેમ્બરના સવારે આરોપી આલ્પિતે બોપલની એચડીએફસી બેંકમાં ૧૯ જેટલી ૫૦૦ના દરની નકલી નોટો બોપલ બ્રાન્ચનાં કેશ ડિપોઝિટ મશીનમાં જમાં કરાવી હતી. જેની જાણ બેંક અધિકારીને થતાં તેમણે પોલીસને જાણ કરી હતી. જેના આધારે પોલીસે ગુનો નોંધી સીસીટીવીનાં આધારે તપાસ કરતા ખાતાધારક અલ્પિત ગજ્જરનું નામ સામે આવ્યું હતું. જે બાદ પોલીસે સાંણદ



ખાતે આવેલ અલ્પિતનાં નિવાસસ્થાને તપાસ કરતા તે મળી આવ્યો ન હતો અને તેના ભાગીદાર સાથે થાઈલેન્ડ ફરવા ગયો હતો. આરોપી ફરીને પરત આવતા પોલીસે તેની ધરપકડ કરી નકલી નોટોના રેકેટનો ભેદ ઉકેલ્યો. અલ્પિત સાથે ગેરેજનાં ભાગીદાર જનક પારેખની પણ પૂછપરછ શરૂ કરાઈ છે. પોલીસ તપાસમાં સામે આવ્યું કે અલ્પિત ગજ્જર અને જનક પારેખ બોપલમાં નેશનલ સ્પેર એન્ડ સર્વિસ નામનું ગેરેજ ચલાવતા હતા. અને ગેરેજનો વકરો સરખા ભાગે વેચી લેતા હતા. આ બન્ને ભાગીદારો ૧૨ ડિસેમ્બરનાં થાઈલેન્ડનો પ્લાન કર્યો હતો. આ જ દિવસે અલ્પિત સવારે નકલી નોટ કેશ ડિપોઝિટ મશીનમાં જમાં કરીને થાઈલેન્ડ ફરવા જતો રહ્યો હતો.




### પૂર્વોત્તર રેલવેના છપરા યાર્ડ રિમોડલિંગના કામને કારણે, અમદાવાદ-દરભંગા સાબરમતી એક્સપ્રેસ અને અમદાવાદ દરભંગા સાપ્તાહિક વિશેષ ટ્રેનો રદ રહેશે

। અમદાવાદ, તા.૨૦ ।

પૂર્વોત્તર રેલવેના છપરા યાર્ડ રિમોડેલિંગ હેતુ નોન-ઈન્ટરલોકીંગ કાર્યને કારણે, અમદાવાદ-દરભંગા સાબરમતી એક્સપ્રેસ ટ્રેન અને અમદાવાદ-દરભંગા સાપ્તાહિક વિશેષ ટ્રેનો રદ રહેશે. જેની વિગતો નીચે મુજબ છે.

૧. ૨૭, ૨૯, ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ અને ૦૩ અને ૦૫ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ ઉપડતી ટ્રેન નંબર ૧૯૧૬૫ અમદાવાદ-દરભંગા સાબરમતી એક્સપ્રેસ ટ્રેન અમદાવાદથી રદ રહેશે.

૨. ૩૦ ડિસેમ્બર ૨૦૨૩ અને ૦૧,૦૩,૦૬ અને ૦૮ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ દરભંગાથી ચાલતી ટ્રેન નંબર ૧૯૧૬૬ દરભંગા-અમદાવાદ સાબરમતી એક્સપ્રેસ ટ્રેન રદ રહેશે.

૩. ૨૯ ડિસેમ્બર ૨૦૨૩ અને ૦૫ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ અમદાવાદથી ચાલતી ટ્રેન નંબર ૦૯૪૬૫ અમદાવાદ-દરભંગા સાપ્તાહિક વિશેષ ટ્રેન રદ રહેશે.

૪. ૦૧ અને ૮ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ દરભંગાથી ચાલતી ટ્રેન નંબર ૦૯૪૬૬ દરભંગા-અમદાવાદ સ્પેશિયલ ટ્રેન રદ રહેશે.

ટ્રેનોના સ્ટોપેજ, સંરચના, રૂટ અને સમય સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

### કિર્તીદાન ગઢવી સહિતના કલાકારો કાર્યક્રમમાં લગાવશે ચાર ચાંદ

# એએમસી દ્વારા તા. ૨૫ થી ૩૧ ડિસેમ્બર કાંકરિયા કાર્નિવલ-૨૦૨૩નું આયોજન

## કાંકરિયા કાર્નિવલ ૨૦૨૩માં પ્રથમ દિવસે "વસુધૈવ કુટમ્બકમ્ - એક ધરતી - એક પરિવાર - એક ભવિષ્ય" થીમ આધારીત સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવશે

। અમદાવાદ, તા.૨૦ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તા.૨૫ થી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ દરમ્યાન કાંકરિયા કાર્નિવલ-૨૦૨૩નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મેયર પ્રતિભા જૈન, ડે. મેયર જતીન પટેલ, સ્ટે. કમિટી ચેરમેન દેવાંગ દાણી, નેતા મ્યુનિ. શાસક પક્ષ ગૌરાંગ પ્રજાપતિ અને દંડક મ્યુનિ. શાસક પક્ષ શિતલ ડાગા એક સંયુક્ત નિવેદનમાં આ માહિતી આપી હતી.

ઉત્સવ પ્રેમી અમદાવાદીઓ માટે વર્ષ ૨૦૦૮થી ભારતના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપાઈના જન્મદિન નિમિત્તે આંતરરાષ્ટ્રીય મનોરંજન કેન્દ્ર તરીકે વિકાસ થયેલ કાંકરીયા તળાવ ખાતે કાંકરિયા કાર્નિવલનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કાંકરિયા કાર્નિવલ ૨૦૨૩માં પ્રથમ દિવસે "વસુધૈવ કુટમ્બકમ્ - એક ધરતી - એક પરિવાર - એક ભવિષ્ય" થીમ આધારીત સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવશે. જેમાં, યુનેસ્કો દ્વારા સન્માનીત ગુજરાતના હેરીટેજ ગરબા, રાજસ્થાનના ઘુમ્મર, પંજાબના ભાંગડા, આસામના બીહુ, મહારાષ્ટ્રની લાવણી, કથકલી, ક્લાસિકલ તેમજ અન્ય દેશોના ડાન્સ ફોર્મ રજુ કરવામાં આવશે. ઉપરાંત, કાંકરીયા કાર્નિવલ દરમ્યાન નગરજનોના મનોરંજન માટે વિવિધ દિવસો દરમ્યાન, કિર્તીદાન ગઢવી, પાર્થ ઓઝા, દિવ્યા ચૌધરી, અરુણ દેવ યાદવ, મિરાંદે શાહ, બંકિમ પાઠક, શાહુબદ્દીન રાઠોડ, જીતુભાઈ દ્વારકાવાળા, સુખદેવ ધામેલીયા, રવિન્દ્ર જોની જેવા વિખ્યાત કલાકારો દ્વારા લોક ડાયરો, હિન્દી-ગુજરાતી પ્લેબેક સંગીત, સુફી ગઝલ, લોકગીત-સંગીત, બોલીવુડ ગીતો, હાસ્ય દરબાર સહિતનો વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવશે.

# ગુજરાતમાં બે કેસમાંથી કોરોનાનો આંકડો ૧૩ સુધી પહોંચી ગયો

। અમદાવાદ, તા.૨૦ ।

કોવિડના નવા કેસ મામલે એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. હાલમાં અમદાવાદ શહેરમાં કોરોનાના ૭ એક્ટિવ કેસ છે. ૭ પૈકીના ૫ કેસ વિદેશથી આવેલા, જ્યારે ૨ કેસની ટ્રાવેલ હિસ્ટરી નહીં. ૪ મહિલા અને ૩ પુરુષ હાલ હોમ આઈસોલેશનમાં છે. તમામ દર્દીઓ અમદાવાદના નદી પારના પશ્ચિમ વિસ્તારના છે. તમામ પોઝિટિવ દર્દીઓના સેમ્પલ જિનોમ સિક્વન્સિસ માટે મોકલવામાં આવ્યા છે. કોરોના સંક્રમિત દર્દીઓમાં નવો વાઈરસ છે કે નહીં એ રિપોર્ટ અવાય બાદ માલુમ પડશે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, કોરોના વાયરસના નવા સબ-વેરિયન્ટે દુનિયાને ચોંકાવી દીધી છે. કોરોના વાયરસના જેએન.૧ વેરિયન્ટે દેશમાં ડરનો માહોલ બનાવ્યો છે. હાલ ગુજરાત સહિત દેશમાં કૂદકેને ભૂસકે કોરોના વાયરસના કેસ વધી રહ્યા છે, ત્યારે ગુજરાતમાં તકેદારી રાખવામાં આવી રહી છે. રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, કોરોનાના જે કેસ જોવા મળે છે ભારતમાં ૨૩૦૦ જેટલા કેસ છે ગુજરાતમાં કુલ ૧૩ કેસ છે. ગુજરાતમાં એક કેસ આજે નોંધાયો છે.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨